dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 | Issue- 27 | AD - 2026, Aso Vad-01 | Tuesday, Dt. 27-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### પટનાના કોતવાલી પોલીસ સ્ટેશનમાં ખડગે વિરૂધ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી

## પીએમ મોદીના પિતા વિશે વિવાદાસ્પદ ટિપ્પણી કરવા બદલ ખડગેનો વિરોધ

નવી દિલ્હી,તા.૨૬

બિહારના પટનામાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પિતા વિશે કરવામાં આવેલી વિવાદાસ્પદ ટિપ્પણી બાદ રાજકીય ગરમાવો આવી ગયો છે. ભાજપના તમામ અગ્રણી નેતાઓએ આ નિવેદનની સખત શબ્દોમાં નિંદા કરતા કડક પ્રતિક્રિયા આપી છે. આ મામલે પટનાના કોતવાલી પોલીસ સ્ટેશનમાં ખડગે વિરુદ્ધ લેખિત ફરિયાદ પણ નોંધાવવામાં આવી છે. ભાજપ રાજ્ય કાર્યકારી સમિતિના સભ્ય કૃષ્ણ સિંહ કલ્લુએ આ ફરિયાદ દાખલ કરાવી છે.

ભાજપે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ કરીને ખડગેના નિવેદનને ગુંડાગીરી ગણાવ્યું હતું. પાર્ટીએ આક્ષેપ કર્યો કે કોંગ્રેસ હવે રાજકીય પક્ષ કરતા માફિયા ગેંગ જેવી બની ગઈ છે અને હારની હતાશામાં ભાષાની મર્યાદાઓ ઓળંગી રહી છે. કોંગ્રેસે સત્તા ગુમાવ્યા બાદ દેશની જનતા તેમનું સપનું ક્યારેય પૂરું થવા દેશે નહીં તેવો દાવો પણ ભાજપે કર્યો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ ઘટના અંગે કડક વિરોધ નોંધાવતા જણાવ્યું કે, મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદીના પિતા વિશે અભદ્ર ટિપ્પણી કરીને રાજકીય શિષ્ટાચારનો ભંગ કર્યો છે. તેમણે ઉમેર્યું કે, કોંગ્રેસે અગાઉ પણ વડાપ્રધાન અને તેમના પરિવાર વિરુધ્ધ અપશબ્દોનો ઉપયોગ કર્યો છે. ક્યારેક તેમની માતા વિરુધ્ધ તો ક્યારેક તેમને



'મોતનો સોદાગર' કે 'ચા વેચનાર' કહીને તેમની ગરીબીની મજાક ઉડાવવામાં આવી છે. શાહે સ્પષ્ટ કર્યું કે, સતત ચૂંટણી હારવાથી નિરાશ થયેલી કોંગ્રેસ પાસે હવે કોઈ નીતિ કે મુદ્દા બચ્યા નથી, તેથી તેઓ ગાળો આપવાની રાજનીતિ પર ઉતરી આવ્યા છે.

ભાજપ પ્રમુખ નીતિન નવીને પણ આ નિવેદનને કોંગ્રેસની વૈચારિક નાદારી ગણાવી હતી. તેમણે કહ્યું કે રાજકીય વિરોધની પણ એક ગૌરવપૂર્ણ મર્યાદા હોય છે, પરંતુ મૃતક પરિવારના સભ્યોને રાજકારણમાં ઢસડવા તે રાહુલ ગાંધી અને વિપક્ષની સંસ્કૃતિ બની ગઈ છે. જ્યારે વિપક્ષ પાસે દેશના વિકાસ કે કલ્યાણકારી યોજનાઓ પર ચર્ચા કરવાનો કોઈ મુદ્દો નથી હોતો, ત્યારે તેઓ આવા વ્યક્તિગત હુમલાનો આશરો લે છે.

બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ આ ટિપ્પણીને અસ્વીકાર્ય ગણાવીને કોંગ્રેસ પાસે દેશની માફી માંગવાની માંગ કરી હતી. બીજી તરફ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ કૃત્યને ૧૪૫ કરોડ ભારતીયોની ભાવનાઓનું અપમાન ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે ભારતીય લોકશાહીને શરમાવતું આ કૃત્ય અક્ષમ્ય છે અને કોંગ્રેસે તેમના અધ્યક્ષ સામે કડક કાર્યવાહી કરીને રાષ્ટ્રની માફી માંગવી જોઈએ.

કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે પણ આ અંગે ભારે દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે શું ખડગેએ ગાંધી પરિવારના ઈશારે આવી ભાષાનો ઉપયોગ કર્યો છે? જો નહીં, તો શું સોનિયા ગાંધી તેમનું રાજીનામું માંગશે? વડાપ્રધાનના સ્વર્ગસ્થ પિતા વિશે કરવામાં આવેલી આવી અભદ્ર ટિપ્પણી ભારતીય સભ્યતા, સંસ્કૃતિ અને મૂલ્યોની વિરુધ્ધ છે. જનતા આ બેકાબૂ રાજકારણને જોઈ રહી છે અને યોગ્ય સમયે તેનો આકરો જવાબ આપશે.

## નાસિક કુંભમેળામાં મુસ્લિમોને પ્રવેશ ન આપવો જોઈએ: નિતેશ રાણેએ આપ્યુ વિવાદાસ્પદ નિવેદન

મુંબઈ,તા.૨૬

મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી અને ભાજપ નેતા નિતેશ રાણેએ નવી મુંબઈમાં એક કાર્યક્રમ દરમિયાન નાસિક કુંભમેળા અને દિવાળીની ખરીદી અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેમણે માંગ કરી છે કે આવતા વર્ષથી શરૂ થનારા નાસિક કુંભમેળામાં મુસ્લિમોને પ્રવેશ ન આપવો જોઈએ. તેમણે ઉમેર્યું કે જેમ મુસ્લિમ ધાર્મિક સંગઠનો ફતવા બહાર પાડે છે, તેમ આ કિસ્સામાં પણ હિન્દુ સંગઠનોએ આદેશો જારી કરવા જોઈએ.



નિતેશ રાણેએ જણાવ્યું હતું કે કુંભમેળામાં માત્ર હિન્દુ વેપારીઓને જ દુકાનો ખોલવાની મંજૂરી મળવી જોઈએ. આ ઉપરાંત, તેમણે દિવાળી તહેવારને ધ્યાનમાં રાખીને અપીલ કરી હતી કે હિન્દુ વેપારીઓએ માત્ર હિન્દુઓને જ સામાન વેચવો જોઈએ અને હિન્દુ ગ્રાહકોએ પણ માત્ર હિન્દુ દુકાનદારો પાસેથી જ ખરીદી કરવી જોઈએ.

નોંધનીય છે કે નિતેશ રાણે અગાઉ પણ અનેક વિવાદાસ્પદ નિવેદનો આપી ચૂક્યા છે. તાજેતરમાં તેમણે મદ્રેસાઓ અંગે ભડકાઉ નિવેદન આપતાં આક્ષેપ કર્યો હતો કે મદ્રેસાઓમાં આતંકવાદીઓને તાલીમ આપવામાં આવે છે.

આ ઉપરાંત, મહારાષ્ટ્રમાં લવ જેહાદ કાયદા અંગે વાત કરતાં તેમણે ચેતવણી આપતાં જણાવ્યું હતું કે, કાયદાના અમલ બાદ દોષિતોને સાત વર્ષની જેલની સજા થશે. પોતાના ભાષણના અંતે તેમણે અલ્ટિમેટમ આપતા કહ્યું હતું કે આ 'દેવા ભાઉનું મહારાષ્ટ્ર' છે.

## રાજસ્થાન સરકારે ૧૩ જિલ્લાના ૫૩ તાલુકા દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા

જયપુર,તા.૨૬

રાજસ્થાનમાં ઓછા વરસાદ અને ભૂગર્ભજળના ઘટેલા સ્તરને કારણે ભજનલાલ શર્મા સરકારે ૧૩ જિલ્લાના કુલ ૫૩ તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે. આપત્તિ રાહત વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલના આધારે આ નિર્ણય લેવાયો છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ટૂંક સમયમાં જ ખાસ રાહત અભિયાન શરૂ કરવામાં આવશે.



દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલા ૧૩ જિલ્લાઓમાં બાંસવાડા, બાડમેર, બાલોત્રા, ચુરુ, ડુંગરપુર, બ્યાવર, જેસલમેર, જાલોર, જોધપુર, ફલોદી, નાગૌર, પાલી અને સિરોહીનો સમાવેશ થાય છે. આ જિલ્લાઓના ૫૩ તાલુકાઓમાંથી ૪૪ તાલુકા ગંભીર દુષ્કાળ અને ૯ તાલુકા મધ્યમ દુષ્કાળનો સામનો કરી રહ્યા છે.

ગંભીર દુષ્કાળનો સામનો કરી રહેલા મુખ્ય તાલુકાઓમાં બાડમેર, ગદરરોડ, ચોહટન, શિવ, પચપદરા, રાજગઢ, આસપુર, સાંચોર, ભીનમાલ, ઓસિયન, શેરગઢ, ફલોદી, બાપ, સુમેરપુર અને શિવગંજ સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે. જ્યારે સજ્જનગઢ, સિમલવાડા, રાયપુર, ખિંવસર અને જેસલમેર જેવા ૯ તાલુકાઓ મધ્યમ દુષ્કાળથી પ્રભાવિત નોંધાયા છે.

કેન્દ્ર સરકારના દુષ્કાળ દેખરેખ પોર્ટલના ડેટા, વરસાદની અછત, જળસ્તરમાં ઘટાડો અને પાકની વ્યાપક ખરાબ સ્થિતિને ધ્યાનમાં રાખીને આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા આ વિસ્તારોમાં સિંચાઈ, પીવાના પાણી અને પશુઓના ઘાસચારા માટે વિશેષ વ્યવસ્થા ઊભી કરાશે.

## પીએમ મોદીએ ભુવનેશ્વરમાં RBIના ડેટા સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું

નવી દિલ્હી,તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભુવનેશ્વરમાં ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ના રૂ. ૧૬૯ કરોડના ખર્ચે નવનિર્મિત ડેટા સેન્ટર અને સાયબર સુરક્ષા તાલીમ સંસ્થાનું ઉદ્ઘાટન કર્યું છે. આ પ્રસંગે તેમણે દેશના ડિજિટલ માળખાને મજબૂત કરવા અને વધુ સુરક્ષિત નાણાકીય વ્યવસ્થા ઊભી કરવા તરફ આને એક મોટું પગલું ગણાવ્યું હતું.પીએમ મોદીએ જણાવ્યું કે, સ્વતંત્રતા પછી લાંબા સમય સુધી દેશનો મોટો ભાગ મૂળભૂત માળખાકીય સુવિધાઓથી વંચિત રહ્યો હતો. ભૂતકાળમાં માત્ર મોટા શહેરોમાં જ હોસ્પિટલો, એરપોર્ટ અને સંસ્થાઓ કેન્દ્રિત હતી, જેના કારણે નાના શહેરો



અને ગામડાંના લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. આપણી સરકારે આ વિચારસરણી બદલીને સંતુલિત વિકાસનું મોડેલ અપનાવ્યું છે.તેમણે વધુમાં ઉમેર્યું કે, 'અમે સક્રિય અને સુશાસનના મોડેલને અનુસરીને દેશના દરેક નાગરિક અને દૂરના વિસ્તારો સુધી સુવિધાઓ પહોંચાડી રહ્યા છીએ.' આજે દેશના એક્સપ્રેસવે નાના શહેરોને જોડી રહ્યા છે, એઈમ્સ (AIIMS) જેવી સંસ્થાઓનો વ્યાપ વધ્યો છે અને ગામડાઓમાં ૧.૭૦ લાખથી વધુ આયુષ્માન આરોગ્ય મંદિરો કાર્યરત થયા છે.ડિજિટલ ક્રાંતિ અને નાણાકીય સુરક્ષા સુનિશ્ચિત કરતું આરબીઆઈનું આ નવું ડેટા સેન્ટર દેશની સાયબર સુરક્ષા ક્ષમતાઓને નવી ઊંચાઈએ પહોંચાડશે.

## અમિત શાહ પર ટિપ્પણી સંબંધિત કેસમાં રાહુલ ગાંધી માનહાનિમાંથી નિર્દોષ જાહેર

સુલતાનપુર,તા.૨૬

ઉત્તર પ્રદેશની ખાસ સાંસદ-ધારાસભ્ય કોર્ટે આઠ વર્ષ જૂના માનહાનિ કેસમાં લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીને નિર્દોષ જાહેર કર્યા છે. ૨૦૧૮માં કર્ણાટક ચૂંટણી પ્રચાર દરમિયાન તત્કાલીન ભાજપ અધ્યક્ષ અને વર્તમાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ વિરુધ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા બદલ ભાજપ નેતા વિજય મિશ્રાએ આ દાવો દાખલ કર્યો હતો.



ચુકાદા સમયે રાહુલ ગાંધી કોર્ટમાં રૂબરૂ હાજર રહ્યા હતા. ન્યાયાધીશ શુભમ વર્માએ ચૂકાદો આપતાં જ કોંગ્રેસ કાર્યકરોમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. કોર્ટે રાહુલ ગાંધીને નિર્દોષ જાહેર કરતા જ કોંગ્રેસે સોશિયલ મીડિયા પર 'સત્યમેવ જયતે' પોસ્ટ કરી ચુકાદાને આવકાર્યો હતો.










### ધારી પત્રકાર સંઘ ખીજડિયા-અમરેલી રેલવે સેક્શનનું નિરીક્ષણ કરવા આવી રહેલા

# રેલવેના DRM સમક્ષ ૧૪ મુદ્દાઓ સાથે રજૂઆત કરાશે

અમરેલી,તા.૨૬

ખીજડિયા-અમરેલી બ્રોડગેજ રેલવે સેક્શનનું કામ લાંબા સમયથી ચાલી રહ્યું છે, જે હવે પૂર્ણતાના આરે પહોંચ્યું છે. ગત તા. ૨૩ ના રોજ ભાવનગરથી આવેલા રેલવે અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ આ સેક્શનનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. ટેસ્ટિંગ સફળ રહ્યા બાદ આગામી તા. ૨૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ડીઆરએમ સહિતના ઉચ્ચ અધિકારીઓ અમરેલીની મુલાકાતે આવી રહ્યા છે. આ વેળાએ અમરેલી બ્રોડગેજ કમિટી અને ધારી પત્રકાર સંઘનું પ્રતિનિધિમંડળ વિવિધ ૧૪ મુદ્દાઓ સાથે લેખિત તેમજ મૌખિક રજૂઆત કરશે. આ રજૂઆતમાં અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા શરૂ કરવાની લોકમાગણી સહિત રેલવેની સુવિધાઓ અને વિકાસના પ્રશ્નો પર ધ્યાન દોરવામાં આવશે. પ્રતિનિધિમંડળ દ્વારા અમરેલી બ્રોડગેજનું કામ સત્વરે પૂર્ણ કરી સુરત અને અમદાવાદ માટે લાંબા અંતરની ટ્રેનો શરૂ કરવાની માંગ કરવામાં આવશે. રેલવે ઓવરબ્રિજની કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી શક્યતા મુજબ માનવસંચાલિત લેવલ ક્રોસિંગની વ્યવસ્થા કરીને ટ્રેન સેવા શરૂ કરવા પણ રજૂઆત કરાશે. આ ઉપરાંત, સમગ્ર પ્રદેશના વિકાસ અને કનેક્ટિવિટી માટે ખીજડિયા-વિસાવદર બ્રોડગેજ લાઈનનું કામ ઝડપથી પૂર્ણ કરવાની માંગ ઉઠાવવામાં આવશે. ખીજડિયા-જૂનાગઢ અને ખીજડિયા-વેરાવળ રૂટનું કામ વન વિભાગની મંજૂરીના અભાવે અટક્યું હોવાનો મુદ્દો રજૂ કરીને મંજૂરી મેળવી સિંહ સહિતનાં વન્યપ્રાણીઓના અકસ્માતો અટકાવવા કાયમી ઉકેલ લાવવા વિનંતી કરાશે. વેરાવળ-હરિદ્વાર ટ્રેનને ચિતલ, લાઠી અને વડિયા ખાતે સ્ટોપ આપવા તેમજ અમરેલીના વેપારીઓ સવારે અમદાવાદ જઈ સાંજે પરત ફરી શકે તેવી અનુકૂળ સમયની ટ્રેન શરૂ કરવાની માંગ પણ કરવામાં આવશે. અમરેલી જિલ્લામાં છેલ્લા છ મહિનાથી બંધ મીટરગેજ સેવા તાત્કાલિક પુનઃ શરૂ કરવા અને ત્યાં સુધી ચલાલા-વેરાવળ ટ્રેન શરૂ કરવા રજૂઆત કરાશે. હાલની સુરત અને અમદાવાદની ટ્રેનોમાં કોચ વધારવા તથા દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને વિશેષ ટ્રેનો જાહેર કરવાની માંગ પણ કરવામાં આવશે. ઢસા-જેતલસર બ્રોડગેજ રૂટ પર સુરત માટે ટ્રેન શરૂ કરવા તેમજ મીટરગેજ સમયે ચાલતી ભાવનગર-ઓખા ટ્રેનને વાયા જેતલસર અને ઢસા ફરી શરૂ કરવા પણ રજૂઆત થશે. અમરેલી જિલ્લા મુખ્ય મથક હોવા છતાં રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ, બેસવાની વ્યવસ્થા, પીવાનું પાણી, શૌચાલય, પાર્કિંગ, રિઝર્વેશન અને માર્ગ જેવી સુવિધાઓનો અભાવ હોવાનો મુદ્દો ઉઠાવી સ્ટેશનના વિકાસની માંગ કરવામાં આવશે. લાઠી રોડ ઓવરબ્રિજ માટે ભંડોળ મંજૂર થયું હોવા છતાં કામ શરૂ ન થયું હોવાનો પ્રશ્ન રજૂ કરીને ધોળા ફાટક કિમી ૧૨૧/૪-૫ સહિત લાઠી અને ચિતલ ખાતે આરઓબીની કામગીરી ઝડપી પૂર્ણ કરવા વિનંતી કરાશે. આ ઉપરાંત, સ્થાનિક વેપારીઓ અને ઉદ્યોગકારોને લાભ મળે તે માટે લાંબા અંતરની માલગાડી સેવા શરૂ કરવા તથા અમરેલીથી અમદાવાદ જતી ટ્રેનને બોટાદથી સુરેન્દ્રનગર થઈને જવાને બદલે સીધી અમદાવાદ જવાની વ્યવસ્થા કરવા રજૂઆત કરવામાં આવશે. આ તમામ મુદ્દાઓ અંગે અમરેલી બ્રોડગેજ કમિટી અને ધારી પત્રકાર સંઘનું પ્રતિનિધિમંડળ રજૂઆત કરશે. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી. કાકડિયા સહિતના રાજકીય આગેવાનો પણ જોડાશે.

## કૌશિક વેકરીયાના પ્રયાસોથી અમરેલીના કમીગઢ ખાતે રૂ.૧.૬૩ કરોડના ખર્ચે પુલનું નિર્માણ થશે



અમરેલી,તા.૨૬

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પરિવહન અને માળખાકીય સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી કમિગઢ ખાતે અંદાજે રૂ. ૧.૬૩ કરોડના ખર્ચે આધુનિક બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. રાજ્યના કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે આ વિકાસકાર્યનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

માર્ગ અને મકાન વિભાગ-પંચાયત હેઠળ આયોજિત આ પ્રોજેક્ટથી કમિગઢ અને આસપાસના ગ્રામીણ વિસ્તારોની પરિવહન સમસ્યાઓનો કાયમી ઉકેલ આવશે. ચોમાસા દરમિયાન નદી-નાળાના પાણી ફરી વળવાથી ખોરવાતો વાહનવ્યવહાર હવે સુચારુ બનશે, જેનાથી વિદ્યાર્થીઓ અને ખેડૂતોને વિશેષ રાહત મળશે.

આ પ્રસંગે તાલુકા પંચાયતના હોદ્દેદારો, સ્થાનિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. બ્રિજનું કામ ગુણવત્તા સાથે સમયસર પૂર્ણ કરવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

## બાબરા વેપારી મહામંડળ દ્વારા પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ ભુપેન્દ્રભાઈ બસિયાનું સન્માન



તસવીર : દિપક કનૈયા

બાબરા,તા.૨૬

પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન અને અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયાની પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ તરીકે વરણી થતાં બાબરા શહેર વેપારી મંડળ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. વેપારી મંડળના આગેવાનોએ તેમને અભિનંદન પાઠવી નવી જવાબદારીમાં સફળતા મળે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે મયુરભાઈ રાવલ, મનિષભાઈ ગોહિલ, હિતેશભાઈ કલાલ, મુન્નાભાઈ ખખ્ખર, રાજુભાઈ ગોહિલ, પરેશભાઈ મકવાણા, ચેતનભાઈ કલાણી અને હાર્દિકભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ભુપેન્દ્રભાઈ બસિયાએ સૌનો આભાર માન્યો હતો.

## સંજયભાઈ પરમારની સમયસૂચકતા અને સેવાભાવનાથી અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ યુવકને મળ્યું જીવનદાન



અમરેલી,તા.૨૬

અમરેલીથી પોતાના વતન દેવભૂમિ દેવળિયા જઈ રહેલા સમૃદ્ધિસેતુના મેનેજર સંજયભાઈ પરમારે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ગુરુવારે ચક્કરગઢ અને દેવળિયા વચ્ચે એક મોટરસાઈકલ પડેલી હતી અને પરેશ ગોહિલ ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં જોવા મળ્યા હતા. તેમના માથામાંથી લોહી વહી રહ્યું હતું. સંજયભાઈએ તાત્કાલિક ૧૦૮ને ફોન કર્યો અને પોતાના રૂમાલથી યુવકના માથા પર ઘા પાસે પાટો બાંધી લોહી વહેતું અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ પરેશભાઈના પરિવારજનોને જાણ કરવામાં આવી અને ૧૦૮ મારફતે તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પ્રાથમિક સારવાર અને એમઆરઆઈ બાદ તેમની સ્થિતિ ગંભીર હોવાથી ભાવનગર લઈ જવાની સલાહ અપાઈ હતી. પરિવારજનો ગભરાયેલા હતા ત્યારે સંજયભાઈએ હિંમત આપી તાત્કાલિક ભાવનગર જવા આગ્રહ કર્યો હતો. ત્યાં ઉત્તમ સારવાર મળતાં ૪૮ કલાકમાં પરેશભાઈ ભયમુક્ત બન્યા હતા.દરજીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા પરેશભાઈ અને તેમની દીકરીને સંજયભાઈની સમયસૂચકતા અને સેવાભાવનાથી મોટી રાહત મળી છે. અકસ્માત સમયે જરૂરિયાતમંદને મદદ કરવી એ દરેક નાગરિકની ફરજ છે.

## રાજુલામાં પરંપરા મુજબ RSS દ્વારા પથસંચલન અને નગરયાત્રાનું આયોજન



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૬

રાજુલા શહેરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) દ્વારા દર વર્ષની પરંપરા મુજબ ભવ્ય પથસંચલન અને નગરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવા ધ્વજ સાથે સંઘના સ્વયંસેવકોએ શિસ્તબધ્ધ રીતે કદમથી કદમ મિલાવી શહેરના મુખ્ય માર્ગો પર પથસંચલન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.પથસંચલનનો પ્રારંભ રાજુલા સ્થિત BAPS મંદિર ખાતેથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ નગરયાત્રા ભોળાભાઈ લાતી માર્ગ, જીવાબાપુ ચોક, ફૂલવાળા ચોક, સાંઈબાબા મંદિર, હવેલી ચોક, મુખ્ય બજાર અને પોલીસ સ્ટેશન સહિતના વિસ્તારોમાંથી પસાર થઈ હતી. ત્યારબાદ હોસ્પિટલ ચોક થઈને T.J.B.S. ગર્લ્સ વિદ્યાલય ખાતે નગરયાત્રાનું સમાપન થયું હતું.નગરયાત્રા દરમિયાન સ્વયંસેવકો ભગવા ધ્વજ સાથે શિસ્તબધ્ધ રીતે આગળ વધ્યા હતા. શહેરના વિવિધ સ્થળોએ નગરજનો દ્વારા પુષ્પવર્ષા કરીને નગરયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય માર્ગો પરથી પસાર થતી નગરયાત્રાને નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન રાજુલા પોલીસ દ્વારા જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો. આમ, રાજુલા શહેરમાં યોજાયેલા પથસંચલન અને નગરયાત્રાનું શિસ્તબધ્ધ વાતાવરણમાં સમાપન થયું હતું.

## અમરેલી જિલ્લા પ્રા. શિક્ષક શરાફી મંડળીની ચૂંટણીમાં પ્રવીણભાઈ કસવાળાનો વિજય



અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક શરાફી સહકારી મંડળીની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં પ્રમુખ પદના ઉમેદવાર પ્રવીણભાઈ કસવાળાએ શાનદાર વિજય હાંસલ કર્યો છે. તેમણે હરીફ ઉમેદવાર સામે ૩૩૫ મતોની મજબૂત સરસાઈ મેળવીને જીત નોંધાવી છે. આ ભવ્ય વિજયના સમાચાર મળતાં જ તેમના સમર્થકો અને મંડળીના સભાસદોમાં ભારે હર્ષોલ્લાસ છવાઈ ગયો હતો. આ જીત બદલ પ્રવીણભાઈ કસવાળાએ મંડળીના પ્રમુખ ધીરુભાઈ કોટડીયા, રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના કોષાધ્યક્ષ મહેન્દ્રભાઈ વીંછિયા, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ક્રિપાલસિંહ જાડેજા, મંત્રી રસિકભાઈ મહેતા તેમજ તમામ તાલુકા ઘટક સંઘના હોદ્દેદારો અને સાથી શિક્ષકોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે મતદાન પ્રક્રિયામાં ઉત્સાહભેર ભાગ લેનાર તમામ સભાસદોના સહકારને બિરદાવ્યો હતો. સભાસદો દ્વારા મૂકવામાં આવેલા વિશ્વાસને સાર્થક કરતાં પ્રવીણભાઈએ આગામી સમયમાં સંપૂર્ણ પારદર્શક અને સભાસદલક્ષી વહીવટ ચલાવવાની નેમ વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે મંડળીની આર્થિક પ્રગતિ અને સભાસદોના હિતોની રક્ષા કરવી તેમની પ્રાથમિકતા રહેશે. આ વિજય સભાસદોની એકતા અને પરસ્પર વિશ્વાસની જીત છે.








# રાજુલા એસ.ટી. ડેપોમાં રાત્રિ સુરક્ષા સામે સવાલો ઉભા થયા

**રાત્રિના સમયે સુરક્ષા કર્મચારીની ગેરહાજરી હોવાની ચર્ચા, મુસાફરોને ભારે હાલાકી**

રાજુલા,તા.૨૬

રાજુલા એસટી ડેપોમાં વિવિધ પ્રશ્નો અને ફરિયાદોને લઈને ફરી ચર્ચા શરૂ થઈ છે. રાત્રિના સમયે ડેપોમાં સુરક્ષા વ્યવસ્થા બંધ કરવામાં આવી હોવાની વિગતો સામે આવતાં સુરક્ષાની જવાબદારી અંગે સવાલો ઊભા થયા છે. બીજી તરફ, જાફરાબાદ સુધી લંબાવવામાં આવેલી રાજકોટ-રાજુલા બસના સમયપત્રકમાં વારંવાર વિલંબ થતો હોવાની ફરિયાદો તેમજ બસના માર્ગદર્શક પાટિયા પર જાફરાબાદનો ઉલ્લેખ ન હોવા અંગે પણ મુસાફરોમાં ચર્ચા થઈ રહી છે. મળતી માહિતી મુજબ, રાજુલા એસટી ડેપોમાં અગાઉ રાત્રિના સમયે સુરક્ષા કર્મચારી ફરજ બજાવતા હતા. જોકે, છેલ્લા કેટલાક સમયથી રાત્રિ દરમિયાન સુરક્ષા કર્મચારીની ફરજ બંધ કરવામાં આવી હોવાની ચર્ચા છે. આ વ્યવસ્થા કયા કારણોસર બંધ કરવામાં આવી છે તે અંગે સત્તાવાર સ્પષ્ટતા સામે આવી નથી.ડેપોમાં રાત્રિના સમયે અનેક બસો પાર્ક કરવામાં આવે છે. ઉપરાંત, કેશ વિભાગમાં રોકડ રકમ રાખવામાં આવતી હોવાથી સુરક્ષા વ્યવસ્થા મહત્ત્વપૂર્ણ બને છે. આવી સ્થિતિમાં રાત્રિના સમયે કોઈ અનિચ્છનીય ઘટના બને તો તેની જવાબદારી કોની રહેશે અને સુરક્ષા વ્યવસ્થા પુનઃ શરૂ કરવા માટે શું પગલાં લેવાશે તેવા સવાલો ઊઠી રહ્યા છે. બીજી તરફ, સાંજે ૫:૧૫ કલાકે રાજુલાથી ઉપડતી રાજકોટ-રાજુલા બસને



તસવીર : ગોપાલ રાઠોડ

જાફરાબાદ સુધી લંબાવવામાં આવી હોવાનું જાણવા મળે છે. જાફરાબાદની વિવિધ સંસ્થાઓ અને વેપારીઓની માગણીને ધ્યાનમાં રાખીને અમરેલીના વિભાગીય નિયામક દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાય છે. જોકે, સ્થાનિક મુસાફરોના જણાવ્યા મુજબ, બસ જાફરાબાદ સુધી લંબાવ્યા બાદ રાજુલાથી રાજકોટ જવા માટે આશરે સાંજે છ વાગ્યે ઉપડે છે. નિર્ધારિત સમય કરતાં વારંવાર વિલંબ થતો હોવાના આક્ષેપોને પગલે બસના સમયપત્રકનું પાલન થાય છે કે નહીં તેની તપાસ કરવાની માગ ઊઠી છે.આ ઉપરાંત, રાજકોટથી સવારે આઠ વાગ્યે ઉપડતી બસ રાજુલા પહોંચતાં આશરે બે કલાક મોડી પડતી હોવાની પણ ફરિયાદો છે.

જો આવો વિલંબ નિયમિત થતો હોય તો મુસાફરોને પડતી મુશ્કેલી દૂર કરવા એસટી તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવાં જરૂરી છે.બસને જાફરાબાદ સુધી લંબાવવામાં આવી હોવા છતાં તેના માર્ગદર્શક પાટિયા પર રાજકોટ-રાજુલા જ દર્શાવવામાં આવતું હોવાની ફરિયાદો સામે આવી છે. આથી મુસાફરોમાં ગેરસમજ ઊભી થાય છે. બસના વાસ્તવિક માર્ગ અનુસાર માર્ગદર્શક પાટિયામાં જરૂરી સુધારો કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે.

**ઉચ્ચ અધિકારીઓ તપાસ કરે તેવી માંગ**

રાજુલા એસટી ડેપોમાં રાત્રિ સુરક્ષા વ્યવસ્થા અંગે સ્પષ્ટતા કરવામાં આવે, બસના સમયપત્રકનું પાલન થાય અને માર્ગદર્શક પાટિયામાં જાફરાબાદનો યોગ્ય ઉલ્લેખ કરવામાં આવે તેવી માંગ ઊઠી છે. હવે એસટી વિભાગના ઉચ્ચ અધિકારીઓ આ ફરિયાદોની તપાસ કરીને મુસાફરોના પ્રશ્નોનો ઉકેલ લાવવા કેવાં પગલાં લે છે તે જોવું રહ્યું.

## ધારીના ગોવિંદપુર ગામની વચ્ચે શિકારની મિજબાની માણતો સિંહ કેમેરામાં કેદ


તસવીર : સંજય વાળા

ધારી, તા. ૨૬

ધારી તાલુકાના ગોવિંદપુર ગામની વચ્ચે શિકારની મિજબાની માણતો સિંહ કેમેરામાં કેદ થયો છે. ગામની વચ્ચે લોકોની હાજરીમાં નિર્ભય બનીને આરામથી ભોજન લેતા સિંહનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં લોકોમાં ચર્ચા જાગી છે. જંગલના રાજા ગણાતા સિંહો હવે ધારી તાલુકાનાં ગામડાં તરફ આવી ચડતાં ગ્રામજનોને મફતમાં સિંહ દર્શનનો લહાવો મળી રહ્યો છે. ધારી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સિંહોની અવારનવાર હાજરી જોવા મળે છે. ત્યારે ગામની વચ્ચે સિંહની આવી હાજરી સામે વન વિભાગની કામગીરી અને દેખરેખ અંગે સવાલો ઊભા થઈ રહ્યા છે.

## બાબરાના વલારડી ગામે રૂ. ૨.૮૫ કરોડના ખર્ચે એપ્રોચ રોડનું જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત

બાબરા,તા.૨૬

બાબરા તાલુકાના વલારડી ગામે રૂ. ૨.૮૫ કરોડના ખર્ચે વલારડી એપ્રોચ રોડના નિર્માણકાર્યનું ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ રોડનું નિર્માણ થતાં ગામના લોકોને અવરજવરમાં સરળતા મળશે અને ગ્રામ્ય વિસ્તારની પરિવહન સુવિધામાં સુધારો થશે. વલારડી ગામના કાચા રસ્તાને પાકા ડામર રોડમાં રૂપાંતરિત કરવાની કામગીરી મંજૂર થતાં ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. ધારાસભ્ય



જનક તળાવીયાના પ્રયાસો અને રજૂઆતોના પરિણામે રૂ. ૨.૮૫ કરોડના ખર્ચે આ રોડના વિકાસકાર્યને મંજૂરી મળી હોવાનું જણાવાયું હતું. આ પ્રસંગે ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા, પાણી, શિક્ષણ અને આરોગ્ય જેવી પાયાની સુવિધાઓ મજબૂત બનાવવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. લાઠી-બાબરા-દામનગર વિધાનસભા મતવિસ્તારનાં તમામ ગામોમાં વિકાસકાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

રોડનું કામ પૂર્ણ થયા બાદ ગ્રામજનો, ખેડૂતો, વિદ્યાર્થીઓ અને વાહનચાલકોને સીધો લાભ મળશે. ગામને મુખ્ય માર્ગો સાથે જોડવામાં પણ આ રોડ મહત્વપૂર્ણ સાબિત થશે.ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના પ્રમુખ અને સભ્યો, ભાજપના હોદ્દેદારો, સરપંચ, ગામના આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ આ વિકાસકાર્ય બદલ ધારાસભ્યનો આભાર વ્યક્ત કર્યો હતો.

## બાબરા સાયબર ફ્રોડના ગુનામાં એક વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો



અમરેલી,તા.૨૬

અમરેલી એલ.સી.બી. ટીમે બાબરા પોલીસ સ્ટેશનના સાયબર ફ્રોડના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા સુરતના વેલંજા વિસ્તારના વિવેક નીતિનભાઈ કોટક (ઉ.વ.૨૬)ને બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે ઝડપી પાડ્યો હતો.

## અમરેલી જિલ્લાને અર્ધ દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા કૃષિ મંત્રી સમક્ષ માંગણી

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લામાં અપૂરતા અને અનિયમિત વરસાદને કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. વાવણી બાદ દોઢ મહિના સુધી વરસાદ ખેંચાતા પાકનો વિકાસ થયો નથી. પાછોતરા વરસાદ બાદ કપાસનો પાક લાલ થઈ નિષ્ફળ જતાં ૯૦ ટકા ખેડૂતોએ કપાસ કાઢી નાખવાનું નક્કી કર્યું છે. કૂવા અને બોરવેલમાં પાણી ખૂટી જવાની શક્યતાને પગલે શિયાળુ પાક પણ મુશ્કેલ બન્યો છે. ત્યારે કૃષિ મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી સમક્ષ અર્ધદુષ્કાળ જાહેર કરી તાત્કાલિક સર્વે અને સહાયની માંગણી કરાઈ છે.

## મોટી કુંકાવાવના નિલકંઠ મહાદેવના પટાંગણમાં ભવ્ય રાસોત્સવ યોજાયો




મોટી કુંકાવાવ,તા.૨૬

મોટી કુંકાવાવ નિલકંઠ મહાદેવ મંદિરના પટાંગણમાં રાસોત્સવ યોજાયો હતો. સરપંચ સંજયભાઈ લાખાણી અને તલાટી મીલનભાઈ કટારીયા દ્વારા સાધુ સંતો, અગ્રણીઓ અને પત્રકારોનું શાલ ઓઢાડી સન્માન કરાયું. રાત્રે ૧૧.૩૦ કલાકે હિરેનભાઈ ગોસાઈ, બીનાબેન શુક્લ, લયાબા રાજપુત અને ઓરકેસ્ટ્રા ટીમે ગરબા રજૂ કર્યા. ખેલૈયાઓએ રાસની રમઝટ માણી. મયુરભાઈ સાનિયા, જીતેન્દ્રભાઈ દવે અને યોગેશભાઈ દવેએ જહેમત ઉઠાવી.

પોલીસ સ્ટાફ અને હોમગાર્ડ જવાનો ઉપસ્થિત રહ્યા.

## સા.કુંડલાના મહિલા અધ્યાપન મંદિરમાં 'વેલકમ ડે'ની ભવ્ય ઉજવણી કરાઈ



સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલાના મહિલા અધ્યાપન મંદિરમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થી બહેનોના સ્વાગત માટે દ્વિતીય વર્ષની બહેનો દ્વારા વેલકમ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નગરપાલિકા પ્રમુખ, નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટીઓ અને મહિલા મંડળના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્યએ બહેનોને ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રોત્સાહિત કરી શરદપૂર્ણિમાના રાસ-ગરબા મહોત્સવમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું. છાત્રાલયની દીકરીઓને વિનામૂલ્યે પાસ આપવાની જાહેરાત કરી હતી. કાર્યક્રમમાં સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સમગ્ર આયોજન સફળ રહ્યું હતું.

## બાબરાના ઘુઘરાળા ગામે રામદેવપીરના મંદિરમાં પાંચ મૂર્તિઓની થઈ ચોરી

**તાળાં તોડી તસ્કરો ફરાર, અંદાજે રૂ. ૪૫ હજારનો મુદ્દામાલ ચોરાયો; પોલીસ દ્વારા તપાસ શરૂ**

બાબરા,તા.૨૬

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામે આવેલા રામદેવપીરના મંદિરમાં અજાણ્યા તસ્કરોએ ચોરીની ઘટનાને અંજામ આપતાં ગામમાં ચકચાર મચી ગઈ છે. શનિવારે રાત્રિના સમયે તસ્કરોએ મંદિરનાં તાળાં તોડી માતાજી અને રામદેવપીરની ચાંદીની મૂર્તિઓ સહિત કુલ પાંચ મૂર્તિઓની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

પ્રાથમિક માહિતી મુજબ, તસ્કરો મંદિરને નિશાન બનાવી


તસવીર : દિપક કનૈયા

અંદર પ્રવેશ્યા હતા અને ત્યાં સ્થાપિત પાંચ મૂર્તિઓ સહિત અંદાજે રૂ. ૪૫ હજારની કિંમતનો મુદ્દામાલ ચોરી કરી ગયા હતા. ધાર્મિક સ્થળે ચોરીની ઘટના સામે આવતાં ગ્રામજનોમાં ચિંતા અને રોષની લાગણી ફેલાઈ છે.

ઘટનાની જાણ થતાં બાબરા પોલીસ દ્વારા સ્થળ પરની વિગતો મેળવી તપાસ હાથ ધરવામાં આવી છે. મંદિરની મૂર્તિઓની ચોરી કરનારા અજાણ્યા તસ્કરોને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસ તપાસના આધારે ચોરીના ભેદનો ઉકેલ આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADDRESS : સાવરકુંડલા ચોકડી, રીંગ રોડ, RTO Office ની બાજુમાં, અમરેલી - 365601.

# કુંકાવાવ તાલુકામાં કરોડોના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ

અમરેલી,તા.૨૬

કુંકાવાવ તાલુકાના દેવગામ અને દડવા રાંદલ ખાતે કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દેવગામ ખાતે રૂ. ૭૨ લાખના ખર્ચે નવનિર્મિત અદ્યતન પ્રાથમિક શાળાના બિલ્ડિંગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ શાળાથી ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને આધુનિક શૈક્ષણિક સુવિધાઓનો લાભ મળશે અને શિક્ષણની ગુણવત્તામાં સુધારો થશે. આ ઉપરાંત દેવગામથી સારંગપુર અને દેવગામથી દડવા રાંદલ સુધીના માર્ગોના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગ-પંચાયતની ગ્રાન્ટ હેઠળ અંદાજે રૂ. ૨.૫ કરોડના ખર્ચે બંને માર્ગોનું નિર્માણ કરવામાં આવશે. આ માર્ગો તૈયાર થતાં સ્થાનિક વાહનચાલકો અને ગ્રામજનોની અવરજવર વધુ સરળ બનશે. દડવા રાંદલ ખાતે મુસાફરોની સુવિધા માટે રૂ. ૫ લાખના ખર્ચે નવા બસ સ્ટેન્ડના નિર્માણકાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના હોદ્દેદારો, પી.વી. વસાણી, કુંકાવાવ એ.પી.એમ.સી.ના ચેરમેન ગોપાલભાઈ અંટાળા, સરપંચો, ગ્રામ પંચાયતના સભ્યો તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસકાર્યોને વેગ આપવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.



**દેવગામમાં રૂ. ૭૨ લાખના ખર્ચે બનેલી નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ, દડવા રાંદલમાં બસ સ્ટેન્ડનું ખાતમુહૂર્ત**

# ખાંભા તાલુકાના વાંકીયા-ઈંગોરાળા રોડને રિસરફેસ કરવા માંગણી

**સાત વર્ષથી રોડનું રિસરફેસિંગ નહીં થતાં વાહનચાલકો પરેશાન, અકસ્માતનો ભય વધ્યો**

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના વાંકીયા થી ઈંગોરાળા સુધીના રોડને રિસરફેસ કરાવવાની માંગણી સ્થાનિક લોકો દ્વારા ધારી-ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડીયા સમક્ષ કરવામાં આવી છે. આ રોડ સાત વર્ષ પહેલા બનાવવામાં આવ્યો હતો, પરંતુ આજદિન સુધી તેનું રિસરફેસિંગ કરવામાં આવ્યું નથી. રોડ ઉપર ઠેરઠેર ડામર તુટી ગયેલ હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. રોડની ખરાબ હાલતના કારણે વાહનચાલકો વારંવાર અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આ રોડ ઉપર ધારી તરફના આશરે દસ જેટલા ગામોના વાહનો સાવરકુંડલા તરફ અવરજવર કરે છે. જેથી આ માર્ગ ધીમે ધીમે મહત્વનો બની રહ્યો છે. ત્યારે રોડની હાલતને ધ્યાનમાં રાખીને તાત્કાલિક રિસરફેસિંગ કરાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે.

# અમરેલીમાં પાપાંકુશા એકાદશીએ તુલસીના રોપાનું નિઃશુલ્ક વિતરણ



અમરેલી,તા.૨૬

અમરેલીના રાજકમલ ચોકમાં પાપાંકુશા એકાદશીના પાવન દિવસે મહિલા ઉત્થાન મંડળની બહેનો દ્વારા તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવ્યું. કોઈ પણ ભેદભાવ વિના લોકોએ આદરપૂર્વક રોપા મેળવ્યા, જ્યારે નગરના પ્રબુધ્ધ નાગરિકોએ બહેનોની નિઃસ્વાર્થ સેવાભાવનાને બિરદાવી. સંત આશારામજી બાપુ દ્વારા શરૂ કરાયેલા "વૃંદા અભિયાન" હેઠળ રોપા સાથે તુલસીના ઉપયોગની પત્રિકા પણ અપાઈ. મહિલાઓને "ઋષિ પ્રસાદ" સામયિકનો સુપ્રસવ વિશેષાંક ભેટ અપાયો. વલ્લભીપુર આશ્રમના સહકારથી કાર્યક્રમ સફળ રહ્યો.

# ચલાલામાં મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા વિવિધ મંદિરોના પૂજારીઓનું સન્માન



ચલાલા,તા.૨૬

ધારી તાલુકાના ચલાલા સ્થિત દાનેવધામ ખાતે મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા મોગલમાંના પ્રાગટ્ય દિવસ નિમિત્તે અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ચલાલા અને મીઠાપુર વિસ્તારનાં વિવિધ મંદિરોમાં ધાર્મિક સેવા આપતા પૂજારીઓનું સન્માન કરીને તેમના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં હાથસણીના પૂજ્ય ભક્તિરામબાપુ માનવમંદિર, ગઢિયા ગીર દાનેવ આશ્રમના મહંત હર્ષદબાપુ ભગત, રામબાપુ, ઢોલરવાના ભૂતડા દાદા મંદિરના મહંત, ઉદયબાપુ ભગત, મયુરબાપુ, ચલાલા નગરપાલિકાના પ્રમુખ જયરાજભાઈ વાળા, લાલજીભાઈ બોદર, પ્રકાશભાઈ કારિયા, કીર્તિભાઈ ભટ્ટ, મેહુલભાઈ ત્રિવેદી, ટીનુભાઈ લલિયા અને વનરાજ ડામોર સહિતના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. મોગલમાં માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ રાજુદાદા જાની દ્વારા પૂજારીઓના સન્માનની આ પહેલ કરવામાં આવી હતી. મંદિરોના નિર્માણ પાછળ લાખો-કરોડો રૂપિયાનો ખર્ચ થતો હોય છે, પરંતુ મંદિરોમાં નિયમિત ધાર્મિક સેવા આપતા પૂજારીઓના યોગદાનને ઘણીવાર પૂરતું મહત્વ મળતું નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને પૂજારીઓનું સન્માન કરવાનો વિચાર અમલમાં મૂકાયો હતો. ઉપસ્થિત મહેમાનોએ આ પહેલને આવકારી હતી.આ પ્રસંગે મહેમાનો દ્વારા ટ્રસ્ટના પ્રમુખ રાજુદાદા જાનીનું પણ ફૂલહાર અને શાલ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રાજુદાદા જાની, મિતેશભાઈ ભટ્ટ અને તેમની ટીમે જહેમત ઉઠાવી હતી. પૂજારીઓનું સન્માન કરીને ટ્રસ્ટે તેમની ધાર્મિક સેવાઓ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો સંદેશ આપ્યો હતો.

# દિવાળીબા હાઈસ્કુલ પીઠવડીના બાળ વૈજ્ઞાનિકો હવે જિલ્લા કક્ષાએ ચમકશે



સાવરકુંડલા,તા.૨૬

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમરેલી તથા જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અમરેલી માર્ગદર્શિત એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કુલ સાવરકુંડલા ખાતે એસ.વી.એસ કક્ષા બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન ૨૦૨૬-૨૭ યોજાયેલ. દિવાળીબા હાઈસ્કુલ પીઠવડીના કૃશલ અમરેલીયા અને સ્મિત સાવલિયાની આપતી વ્યવસ્થાપન કૃતિ તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ પસંદગી પામેલ, જે જિલ્લા કક્ષાએ જશે. માર્ગદર્શક ઉદિતભાઈ જોષી, મયંકભાઈ જોશી તથા જગદીશભાઈ ભેસાણીયા રહ્યા હતા.

# બગસરાના કડાયા ગામે ત્રણ શખ્સોએ ખેડૂતને ધમકી આપી

બગસરા, તા.૨૬

બગસરાના કડાયા ગામે જમીન નામે ચડાવવા બે દિવસ બાદ સહી કરવા આવશું તેમ કહેતા ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે જીતુબેન જેતુભાઈ બસીયા (ઉ.વ.૭૦)એ વિસાવદરના હડતમીયા ગામના શિવરાજભાઈ રણજીતભાઈ વાળા તથા વનરાજભાઈ રણજીતભાઈ વાળા તેમજ ભાવનગરમાં રહેતા અશોકભાઈ ભીમભાઈ ધાધલ સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, શિવરાજભાઈએ તેમને બે દિવસ પહેલાં જમીન નામે ચડાવવા સહી કરવા માટે ફોન કર્યો હતો. જેથી તેમણે "હાલ વાડીનું કામ ચાલુ છે તેથી બે દિવસ બાદ સહી કરવા આવશું" તેમ કહેતા આરોપીઓને સારો નહોતો લાગ્યો. આરોપીઓએ તેમના ઘરે જઈ લાકડી તથા પાઈપ વડે શરીરે મુંઢ ઈજા પહોંચાડી હતી તથા ડાબા હાથે ફેક્ચર કર્યુ હતું. તેમનો દીકરો વચ્ચે પડતાં તેને પણ માથાના ભાગે લાકડી તથા પાઈપ વડે માર મારી ચાર ટાંકા આવે તેવી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આલકુભાઈ નજુભાઈ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# વડિયાના ચારણીયા રોડ પર પોલીસની રેઈડ દરમિયાન બિયરના ટીન પકડાયા

અમરેલી, તા.૨૬

વડિયામાં રેડ દરમિયાન પોલીસે બિયરના ટીન ઝડપી પાડ્યા હતા. ચારણીયા રોડ પર એક યુવકના રહેણાંક મકાનમાં રેડ પાડીને પોલીસે વિવિધ બ્રાન્ડના પાંચ બિયરના ટીન જપ્ત કર્યા હતા.આ ઉપરાંત, જિલ્લામાંથી ત્રણ મહિલા સહિત ૧૩ લોકો પાસેથી પાસ-પરમિટ વગરનો દેશી દારૂ મળી આવ્યો હતો. જ્યારે વિવિધ સ્થળેથી ૮ ઈસમો કેફી પીણું પીને જાહેરમાં ફરતા મળી આવ્યા હતા, તેમજ ૪ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં વાહન ચલાવતાં પોલીસ ઝપટે ચડ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ એકમ
તા.૨૭-૧૦-૨૦૨૬, મંગળવાર, સૂર્યોદય-૦૬:૨૯,
સૂર્યાસ્ત-૦૫:૪૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ ભરણી

## દૈનિક રાશિફળ

**તા.૨૭-૧૦-૨૦૨૬ મંગળવાર**

મેષઃ આજનો દિવસ શુભ કાર્યોમાં વિતાવશે. દિવસના પહેલા ભાગમાં ઘરે ધાર્મિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે અને ધાર્મિક સ્થળોની યાત્રા બનશે.

વૃષભઃ આજે સ્થિતિ બરાબર રહેશે. કોઈ મોટા અધિકારીના સહયોગથી નોકરીમાં તમારી સ્થિતિ પણ મજબૂત થશે અને આવકમાં વધારો થવાની સંભાવના રહેશે.

મિથુનઃ આજે સિદ્ધિનો દિવસ છે સમયનો લાભ લો. સત્તાવાર કાગળ કરવામાં વિલંબ ન કરો અન્યથા તે બાકી રહી શકે છે.

કર્કઃ સવારથી તમારા માટે થોડો પ્રતિકૂળ સમય ચાલે છે. ઘરમાં સ્ત્રી સભ્યની તબિયત નબળી હોવાને કારણે ઘરના કામમાં પરેશાની થઈ શકે છે.

સિંહઃ તમારા માટે આજનો દિવસ સારો રહેશે. બીજાઓને મદદ કરવા આગળ રહેશો. બપોર સુધીમાં નાણાકીય સંકટ પણ સમાપ્ત થઈ જશે,

કન્યાઃ આજનો દિવસ સારો રહેશે, છતાં ગંભીરતા લાવવી જરૂરી છે, નહીં તો લોકો તમારી વાતોને હળવાશથી લેશે. કાર્ય વ્યવસાયમાં જૂની યોજનાઓ નાણાકીય લાભો સાથે સમાજમાં સર્વોપરિતા વધશે.

તુલાઃ આજે સવારથી તમારું સ્વાસ્થ્ય નરમ થવા લાગશે, તેમ છતાં તમે બેદરકારી દાખવશો, જેના કારણે તમારું સ્વાસ્થ્ય ખરાબ થઈ શકે છે.

વૃશ્ચિકઃ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે તૈયાર રહેવું પડશે. વ્યવસાય અથવા વ્યવસાય સાથે સંબંધિત કોઈ કરાર સમજી વિચારીને કરવો. બપોરે પછીનો સમય અન્ય કાર્યોમાં પસાર થશે.

ધનઃ આજનો દિવસ તમારા માટે કંઈક અસ્પષ્ટ દિવસ રહેશે. દિવસનો મોટાભાગનો સમય વિચાર કરવામાં વ્યર્થ થઈ શકે છે, તેથી મૂંઝવણને કારણે મહત્વપૂર્ણ કાર્યો પણ અધૂરા રહી શકે છે.

મકરઃ દિવસના પહેલા ભાગમાં તમારી સામે ઘણું કામ અટકી જશે. આ સમયે તમારા કાર્યસ્થળમાંના બધા કાર્યો સમયસર પૂર્ણ કરવાનો સમય છે.

કુંભઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જે વ્યક્તિને તમે સજ્જન માનતા હોવ તે ચીટ કરી શકે છે તેથી સાવધાનીથી વર્તો. કેટલાક સારા સમાચાર મળવાથી નિરાશા પણ સમાપ્ત થશે.

મીનઃ આજનો દિવસ કંઈક માહિતીપ્રદ રહેશે અને તમારી બૌદ્ધિક ક્ષમતામાં વધારો થશે. પ્રિયજનો તરફથી કોઈ સારા સમાચાર મળશે અને કોઈ ધાર્મિક કાર્યની યોજના બનાવતી વખતે તમારી સલાહ લેવામાં આવશે.

**બાબરા પંથકનો ચોંકાવનારો બનાવ**

# 'જો તું મારી સાથે ફોનમાં વાત નહીં કરે તો હું દવા પી મરી જઈશ' કહેતા સગીરાએ ઝેરી દવા પીધી

**યુવક અવારનવાર વોટ્સએપ મેસેજ કરતો હતો**

બાબરા, તા.૨૬

બાબરા પંથકમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. યુવક સગીરાને અવારનવાર વોટ્સએપ મેસેજ કરતો હતો. તેમજ મોટરસાયકલ પર બેસાડી "જો તું મારી સાથે ફોનમાં વાત નહીં કરે તો હું ઝેરી દવા પી મરી જઈશ" તેવી ગર્ભિત ધમકી આપી હતી. જેથી સગીરાને મનમાં લાગી આવતાં તેણે ઝેરી દવા પી લીધી હતી.બનાવ અંગે સગીરાના પિતાએ શીરવાણીયા ગામે રહેતા રુષિતભાઈ બાબુભાઈ રોજાસરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની દીકરી સગીર વયની હોવાનું જાણવા છતાં અવારનવાર ફોન કરી સાથે વાતો કરતો હતો. તેમજ તેમની દીકરીની પાછળ મોટરસાયકલ લઈને જતો હતો. તેમની દીકરીને બાબરાથી મોટા દેવળીયા ગામે પોતાની મોટરસાયકલ પર બેસાડી મૂકવા જતી વખતે "જો તું ફોનમાં મારી સાથે વાત નહીં કરે તો હું દવા પી મરી જઈશ" તેવી ગર્ભિત ધમકી આપી હતી. જેથી તેમની દીકરીને લાગી આવતાં તેણે પોતાની મેળે ઝેરી દવા પી લીધી હતી. બનાવ અંગે બાબરા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.બી. ઔસુરા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા પંથકમાંથી બે યુવતીઓ ગુમ થઈ

બાબરા, તા.૨૬

બાબરા પંથકમાંથી બે યુવતીઓ ગુમ થતાં ચકચાર મચી છે. મીયા ખીજડીયા ગામે રહેતા રાજેશભાઈ ગોરધનભાઈ ગળથીયા (ઉ.વ.૪૫) એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી હિતાંશી (ઉ.વ.૧૯) પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ હતી.બીજા બનાવમાં બાબરામાં રહેતા મહેશભાઈ ભીમજીભાઈ ખીમસૂરિયા (ઉ.વ.૪૦)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી ચેતના (ઉ.વ.૧૯) કોલેજમાં પરીક્ષા આપવાનું કહીને નીકળ્યા બાદ પરત ફરી ન હતી.

# બાબરાના ચરખા ગામેથી યુવતી ભર બપોરે ઘરેથી ચાલી નીકળી

બાબરા,તા.૨૬

બાબરાના ચરખા ગામેથી યુવતી ભરબપોરે ઘરેથી ચાલી નીકળી હતી. આ અંગે દિલીપભાઈ નાથાભાઈ રાદડિયા (ઉ.વ.૪૭)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની હંસાબેન બપોરે ઘરે સૂતા હતા ત્યારે સાડા ત્રણ વાગ્યાની આસપાસ તેમની દીકરી ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી.આ અંગે બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. જી. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સાવરકુંડલા અને લીલીયામાં ટ્રાફિકને અડચણરૂપ વાહનો અને લારી રાખનારા સામે કાર્યવાહી

**પાંચ વાહનચાલકો સામે પોલીસે ગૂનો નોંધી કડક કાર્યવાહી કરી**

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલા અને લીલીયા પંથકમાં જાહેર માર્ગો પર વાહનવ્યવહાર અને રાહદારીઓની અવરજવરમાં અડચણરૂપ બનતા ઈસમો સામે પોલીસે લાલ આંખ કરી હતી. ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને અકસ્માતનો ભય ન સર્જાય તે હેતુથી હાથ ધરાયેલી કામગીરી દરમિયાન પોલીસે વિવિધ સ્થળોએથી વાહનો અને ફૂટની લારીઓ જાહેર માર્ગ પર જોખમી રીતે ઊભી રાખવા બદલ પાંચ ચાલકો વિરુદ્ધ કાયદેસરનો ગુનો દાખલ કર્યો હતો.

# અમરેલી લીલીયા રોડ પર દાદા ભગવાન મંદિર પાસે ફોર વ્હીલ ચાલકે ટુ વ્હીલરને ઉલાળ્યું

**અકસ્માત બાદ ફોર વ્હીલ ચાલક વાહન મૂકી નાસી ગયો**

અમરેલી, તા.૨૬

અમરેલીમાં લીલીયા રોડ પર દાદા ભગવાન મંદિર પાસે ફોર વ્હીલ ચાલકે ટુ વ્હીલરને ટક્કર મારતાં ટુ વ્હીલર ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માત બાદ ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો.બનાવ અંગે લીલીયાના કુતાણા ગામે રહેતા પરશોત્તમભાઈ જીવાભાઈ રાઠોડ (ઉ.વ.૪૭)એ ફોર વ્હીલ નં. GJ-૨૨-A-૧૯૦૦ ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, ઈજાગ્રસ્ત હિતેષભાઈ પરશોત્તમભાઈ રાઠોડ પોતાની મોટરસાયકલ લઈને ઘરેથી અમરેલી આવી રહ્યા હતા. તે દરમિયાન લીલીયા રોડ પર ભારત પેટ્રોલપંપ તથા દાદા ભગવાન મંદિર પાસે સામેથી ફોર વ્હીલ રજી. નં. GJ-૨૨-A-૧૯૦૦ના ચાલકે પૂરઝડપે અને બેફિકરાઈથી વાહન ચલાવી ટક્કર મારી હતી. જેમાં તેમના દીકરાને શરીરે, માથામાં તથા આંખ પાસે નાની-મોટી ઈજા થઈ હતી. અકસ્માત સર્જી ચાલક વાહન મૂકી નાસી ગયો હતો. બનાવ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એ.એસ. આઈ. કે.એસ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# યુરોપમાં આંદોલનની આગ

યુરોપના પાંચ દેશોમાં છેલ્લા કેટલાક સમયથી જે વિરોધ પ્રદર્શનો જોવા મળી રહ્યા છે તે માત્ર સ્થાનિક અસંતોષની અભિવ્યક્તિ નથી, પરંતુ સમગ્ર યુરોપીયન સામાજિક-આર્થિક માળખાની ઊંડી સમસ્યાઓનું પ્રતિબિંબ છે. ફ્રાન્સ, ઈટાલી, સ્પેન, પોર્ટુગલ અને આલ્બેનિયામાં એક જ સમયે થયેલા આ ઉગ્ર દેખાવો દર્શાવે છે કે સામાન્ય નાગરિકની અસંતોષની આગ હવે સીમાઓ ઓળંગી ગઈ છે. મોંઘવારી, આવાસની વિકટ સમસ્યા, શિક્ષણની ગુણવત્તા અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓએ લોકોને રસ્તા પર ઉતાર્યા છે, અને આ વિરોધોનું સ્વરૂપ ઘણી જગ્યાએ હિંસક બની ગયું છે.

ફ્રાન્સમાં સતત બીજા અઠવાડિયે યોજાયેલા પ્રદર્શનોમાં સ્થિતિ વણસી હતી. દેશના બાર શહેરોમાં લૂંટફાટ અને પોલીસ સાથે ઘર્ષણની ઘટનાઓ નોંધાઈ હતી. ગૃહ મંત્રાલયના આંકડા અનુસાર ૧,૩૧૪ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને ૫૩ પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. સત્તાવાર માહિતી મુજબ દેશભરમાં ૭૫ જગ્યાએ આગજનીની ઘટનાઓ બની હતી અને ૨૪ દુકાનોમાં લૂંટફાટ થઈ હતી. આશ્ચર્યજનક વાત એ છે કે ફ્રાન્સમાં આ વખતે આશરે આઠ લાખ લોકો રસ્તા પર ઊતર્યા હતા, જે દર્શાવે છે કે અસંતોષ કેટલો ઊંડો છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે સત્તાવાળાઓએ સિત્તેર હજાર પોલીસકર્મીઓને તૈનાત કરવા પડ્યા હતા, જે પોતે જ સંકટની ગંભીરતા દર્શાવે છે.

આલ્બેનિયામાં પણ વિરોધી પ્રદર્શનો હિંસક સ્વરૂપ ધારણ કરી ગયા હતા. તિરાનામાં સરકાર વિરોધી પ્રદર્શનો દરમિયાન ૩૭૧ લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ઈટાલીના આઠ શહેરોમાં પોલીસ સાથે દેખાવકારોની ઘર્ષણની ઘટનાઓ બની હતી. સ્પેનમાં લોકોએ પેન્શનમાં વધારો કરવાની અને ખાનગીકરણની પ્રક્રિયા અટકાવવાની માંગ સાથે રસ્તા પર ઉતરાણ કર્યું હતું. પોર્ટુગલમાં વધતી આવાસની કિંમતોથી નારાજ નાગરિકો ઉગ્ર પ્રદર્શનમાં જોડાયા હતા. આમ, દરેક દેશમાં અસંતોષનું કારણ ભલે અલગ હોય, પરંતુ મૂળભૂત ચિંતા એક જ છે. સામાન્ય માણસની આર્થિક સુરક્ષા અને સામાજિક ન્યાય પર ઊઠેલો પ્રશ્ન.

યુરોપમાં વિરોધનું સૌથી મોટું કારણ આવક સામે વધતો ખર્ચ છે. યુરોસ્ટેટના આંકડા દર્શાવે છે કે યુરોપીયન દેશોમાં મોંઘવારી સતત વધી રહી છે. એપ્રિલથી જૂન દરમિયાન યુરોપમાં મકાનોના ભાવમાં ૪.૭ ટકા અને ભાડામાં ૩ ટકાનો વધારો નોંધાયો છે. પોર્ટુગલમાં તો મકાનોની કિંમતોમાં ૧૬ ટકાનો ભયાનક વધારો થયો છે, જે ત્યાંના સામાન્ય નાગરિક માટે પોતાનું ઘર ખરીદવું લગભગ અશક્ય બનાવી દે છે. ફ્રાન્સમાં શાળાઓની ખરાબ સ્થિતિ અને સ્પેનમાં પેન્શનની અનિશ્ચિતતા જેવા મુદ્દાઓએ લોકોની નારાજગીને આંદોલનનું સ્વરૂપ આપી દીધું છે. આ બધું દર્શાવે છે કે કલ્યાણ રાજ્યની જે વ્યવસ્થા યુરોપની ઓળખ હતી, તે ધીમે ધીમે ક્ષીણ થઈ રહી છે અને નાગરિકો તેનો સીધો ભોગ બની રહ્યા છે.

યુરોપના નેતૃત્વને આ અસંતોષને દબાવવાને બદલે તેના મૂળ કારણોને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, અન્યથા આવા વિરોધો વારંવાર ફાટી નીકળતા રહેશે અને સમગ્ર ખંડની સ્થિરતા જોખમમાં મુકાશે.

# સૌરાષ્ટ્ર કચ્છની ધરતી પર વિદેશી વનસ્પતિનું આક્રમણ

સૌરાષ્ટ્ર–કચ્છની વનસ્પતિ બચાવવી એ માત્ર પર્યાવરણનું કાર્ય નથી, પરંતુ ભાવિ પેઢી માટે કુદરતી વારસો સાચવવાની જવાબદારી છે. વિકાસ જરૂરી છે, પરંતુ વિકાસના નામે પ્રકૃતિનો વિનાશ સ્વીકારી શકાય નહીં. સ્થાનિક વનસ્પતિનું સંરક્ષણ થશે તો જમીનનું ધોવાણ ઘટશે, જીવસૃષ્ટિને આશ્રય મળશે અને પર્યાવરણનું સંતુલન જળવાશે. આજે એક સ્થાનિક છોડને બચાવવાનો પ્રયાસ આવતીકાલે આખી જીવસૃષ્ટિ માટે આશીર્વાદરૂપ બની શકે છે. તેથી સૌએ સંકલ્પ કરવો જોઈએ કે સૌરાષ્ટ્ર અને કચ્છની ધરતીને હરિયાળી, સમૃધ્ધ અને જૈવવિવિધતાથી ભરપૂર રાખવા માટે શક્ય તેટલું યોગદાન આપીશું.

સૌરાષ્ટ્ર અને કચ્છની ધરતી પોતાની આગવી ભૌગોલિક રચના, ગરમ આબોહવા, ઓછા વરસાદ અને વિશિષ્ટ વનસ્પતિ માટે જાણીતી છે. અહીંની વનસ્પતિ માત્ર ધરતીની સુંદરતામાં વધારો કરતી નથી, પરંતુ પશુધન, વન્યજીવો, માનવજીવન અને પર્યાવરણનું સંતુલન જાળવવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જોકે, બદલાતી જીવનશૈલી, વધતું શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ, ખેતીના વિસ્તારનો વધારો અને કુદરતી સંસાધનોના અતિશય ઉપયોગને કારણે આ પ્રદેશની અનેક સ્થાનિક વનસ્પતિઓનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ રહ્યું છે. આ પરિસ્થિતિ પ્રકૃતિપ્રેમીઓ અને પર્યાવરણના રક્ષણ માટે કાર્ય કરતા લોકો માટે ચિંતાનો વિષય છે.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં બાવળ, ખીજડો, દેશી લીમડો, પીલુ, બોરડી, ગૂગળ, ખાખરો, દેશી કેર, થોર અને વિવિધ ઔષધીય છોડ જોવા મળે છે. આ પૈકીની કેટલીક વનસ્પતિઓ અનેક વિસ્તારોમાં ઘટતી જાય છે, જ્યારે કેટલીક વનસ્પતિઓને સ્થાનિક સ્તરે અસ્તિત્વ ટકાવી રાખવા માટે સંઘર્ષ કરવો પડે છે. ખાસ કરીને ગૂગળ જેવી ઔષધીય વનસ્પતિનું મહત્ત્વ વિશેષ છે. તેના ઔષધીય ગુંદરનો ઉપયોગ પરંપરાગત ચિકિત્સામાં થાય છે. અતિશય અને અયોગ્ય રીતે ગુંદર મેળવવાની પધ્ધતિ, કુદરતી રહેઠાણનો નાશ અને ધીમો કુદરતી વિકાસ તેની વસ્તી માટે જોખમ ઊભું કરી શકે છે.

કચ્છના સૂકા અને ખારા પ્રદેશોમાં ઊગતી વનસ્પતિઓ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ જીવંત રહેવાની અદ્ભુત ક્ષમતા ધરાવે છે. પીલુ અને કેર જેવી વનસ્પતિઓ સ્થાનિક જીવસૃષ્ટિને ખોરાક અને આશ્રય આપે છે. ખીજડો જમીનની ફળદ્રુપતા જાળવવામાં મદદરૂપ બને છે, જ્યારે બોરડી સહિતનાં



સ્થાનિક ઝાડ પક્ષીઓ અને નાના પ્રાણીઓને આશરો આપે છે. આ વનસ્પતિઓ ઘટે તો તેની અસર માત્ર વૃક્ષોની સંખ્યા સુધી મર્યાદિત રહેતી નથી; સમગ્ર ખાદ્ય શૃંખલા અને પર્યાવરણના સંતુલન પર પણ પડે છે.

વનસ્પતિના ઘટાડા પાછળ અનેક કારણો જવાબદાર છે. રસ્તાઓ, ઉદ્યોગો, ખાણકામ, રહેણાક વિસ્તારો અને અન્ય વિકાસકાર્યો માટે કુદરતી જમીનનો ઉપયોગ વધ્યો છે. બીજી તરફ, પશુઓનો

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

અતિશય ચરાણ, ગેરકાયદેસર કાપણી, વરસાદની અનિશ્ચિતતા અને આબોહવા પરિવર્તન પણ વનસ્પતિના પુનઃવિકાસને અસર કરે છે. ઘણી વખત વૃક્ષારોપણ દરમિયાન સ્થાનિક પ્રજાતિઓને બદલે અન્ય પ્રજાતિઓ વાવવામાં આવે છે. પરિણામે, સ્થાનિક પર્યાવરણને અનુકૂળ વનસ્પતિનું સંરક્ષણ પાછળ રહી જાય છે.

આ સમસ્યાનો ઉકેલ માત્ર વૃક્ષારોપણના કાર્યક્રમો યોજવામાં નથી, પરંતુ સ્થાનિક વનસ્પતિને ઓળખીને તેનું વૈજ્ઞાનિક સંરક્ષણ કરવામાં છે. ગામડાં, શાળાઓ, કોલેજો અને સામાજિક સંસ્થાઓએ સ્થાનિક છોડના બીજ એકત્ર કરવા, રોપાઓ ઉછેરવા અને તેનું યોગ્ય સ્થળે વાવેતર કરવા માટે આગળ આવવું જોઈએ. વનવિભાગ, સંશોધન સંસ્થાઓ અને સ્થાનિક સમુદાયોએ સાથે મળીને જોખમમાં આવેલી પ્રજાતિઓનું સર્વેક્ષણ કરવું જોઈએ. ગૂગળ જેવી ઔષધીય વનસ્પતિના ટકાઉ સંવર્ધન માટે સ્થાનિક લોકોને તાલીમ અને આર્થિક પ્રોત્સાહન આપવું પણ જરૂરી છે. સૌરાષ્ટ્ર કચ્છની અનેક વનસ્પતિઓ વિલુપ્ત થઈ રહી છે. એનું કારણ છે વિદેશી વનસ્પતિ એનું સૌથી મોટું જીવતું જાગતું ઉદાહરણ ગાંડો બાવળ છે. બીજી અડધો ડઝન જેટલી વનસ્પતિ ઓછા પાણીએ પણ ટકી રહે છે જમીનનું પાણી શોષી લે છે જમીનની ફળદ્રુપતા નો નાશ કરે છે જેને કારણે લોકલ વનસ્પતિ ધીમે ધીમે લુપ્ત થવા લાગે છે આ એક ગંભીર પ્રશ્ન છે. આ અંગે પૂરતી જાગૃતિ નથી.

આબોહવા પરિવર્તન, ઉદ્યોગો માટે થતું ખનન, વિદેશી વનસ્પતિઓનું આક્રમણ, અતિચરાઈ જેવાં કારણોસર મીઠો ગૂગળ, ફોગવેલ, સનીપાત જેવી વનસ્પતિઓ ધીમે ધીમે નામશેષ થઈ રહી છે. જો આ વનસ્પતિઓનું સંવર્ધન અને સંરક્ષણ નહીં કરાય તો ભવિષ્યમાં પરાગસંચય અને જીવસૃષ્ટિ ઉપર અસર પડશે, ઉપયોગી ઔષધીય સંપત્તિનો નાશ થશે, જમીન અને રણ પ્રદેશ વધુ નબળા બનશે, આબોહવા પરિવર્તન સામેનું કુદરતી રક્ષણ ઘટી જશે. તેની અસર સમગ્ર જૈવવિવિધતા ઉપર પડશે.

કચ્છ અનેક રીતે વિશિષ્ટતા ધરાવત પ્રદેશ છે. રણ, દરિયો અને ડુંગર તેને અન્ય કરતાં કંઈક અલગ બનાવે છે. કચ્છનો ભૂપ્રદેશ ભારતના અન્ય વિસ્તારો કરતાં અલગ છે. લાખો વર્ષોના ભૂસ્તરીય પરિવર્તન, રણપ્રદેશ, ક્ષારયુક્ત જમીન, ઓછો અને અનિયમિત વરસાદ, તીવ્ર ગરમી, દરિયાકાંઠાનો પ્રભાવ, અલગ પ્રકારના ખડકો તથા માટીના કારણે અહીં વિશિષ્ટ પર્યાવરણ વિકસ્યું છે, તેથી કચ્છની મૂળ વનસ્પતિ પણ અન્ય પ્રદેશ કરતાં અલગ જ છે. જોકે, આજે કુદરતી અને માનવીય કારણોસર અનેક વનસ્પતિઓ પોતાના મૂળ વતનમાં જ લુપ્તઃપ્રાય થવાની સ્થિતિમાં આવી ગઈ છે. જો આવી વનસ્પતિને યોગ્ય રીતે સંરક્ષણ નહીં મળે તો સમગ્ર વિશ્વને કાયમી નુકસાન થશે. તેની પરાગસંચય અને જીવસૃષ્ટિ ઉપર અસર થશે, ઉપયોગી ઔષધીય સંપત્તિનો નાશ થશે. અમુક વનસ્પતિ લુપ્ત થવાના કારણે જમીન અને રણપ્રદેશ વધુ નબળાં થશે, આબોહવા પરિવર્તન સામે કુદરતી રક્ષણ ઘટશે, તેમ જ સ્થાનિક લોકોની પરંપરાગત જાણકારી ખોવાઈ જશે. ઉપરાંત જૈવવિવિધતા ઉપર પણ તેની ગંભીર અસર જોવા મળશે તેવું તજજ્ઞોનું માનવું છે. કચ્છની ૨૧ જેટલી સ્થાનિક વનસ્પતિ ધીરે ધીરે વિલુપ્ત થઈ રહી હોવાનું તારણ ભુજના એક વનસ્પતિશાસ્ત્રી ડૉ. રિતેશ પોકારનું છે. તેઓએ ૧૧ વર્ષ આ અંગે સંશોધન કર્યું છે. તેઓ જણાવે છે કે, 'કચ્છ માત્ર સફેદ રણ જ નથી, પરંતુ વિશ્વમાં અનોખી ઔષધીય અને દુર્લભ વનસ્પતિઓ માટે પણ જાણીતો પ્રદેશ છે. જોકે, આ અમૂલ્ય કુદરતી વારસો ધીમે-ધીમે લુપ્ત થવાના આરે પહોંચ્યો છે. અહીં હાથ ધરાયેલા સંશોધન દરમિયાન કચ્છના રણ, બન્નીનાં ઘાસનાં મેદાનો, દરિયાકાંઠા, ડુંગરાળ વિસ્તારો અને ખારી જમીનોમાં વર્ષોથી જે વનસ્પતિ હતી તે હવે જોવા મળે છે.

**માત્ર એક દેશ બીજા દેશ પર આક્રમણ કરે તે વાત સમજી શકાય એવી છે પરંતુ એક દેશની વનસ્પતિ બીજા દેશ પર આક્રમણ કરે અને તે પ્રદેશની મહત્વની વનસ્પતિને નષ્ટ કરે તે વસ્તુ સામાન્ય વ્યક્તિને આશ્ચર્યચકિત કરે છે પરંતુ આ હકીકત છે આના કારણે સૌરાષ્ટ્ર કચ્છની અનેક અનમોલ વનસ્પતિ નષ્ટ થઈ રહી છે પર્યાવરણનો આ ગંભીર પ્રશ્ન છે.**

## શબ્દ સંજોગ-૨૨૮૭



**આડી ચાવી :**
(૧) કાશીરાજાની પહેલી પુત્રી (૨)
(૩) ......કરોમા ભવાની (૨)
(૬) કોટલુ, ઘર (૩)
(૮) દક્ષિણ ભારતની એક વાનગી (૩)
(૧૦) ગાડું (૩)
(૧૨) સરખુ, સમાન (૨)
(૧૩) એક રાશિ (૩)
(૧૬) થર, પડ (૨)
(૧૮) જયમાળા (૨)
(૧૯) ભાવ, તાત્પર્ય (૪)
(૨૧) ત્રીસ ઘડીનો કાળ (૩)
(૨૩) આનુ અથાણુ થાય (૪)
(૨૫) પાણીનુ ઘન સ્વરૂપ (૩)
(૨૭) લાગો (૨)
(૨૮) મોર (૩)
(૨૯) ચામડીનો એક રોગ..... ગરમી (૨)
(૩૦) ભટકેલ, બદમાશ (૩)
(૩૧) વસંતઋતુનો પાક (૨)
(૩૨) જાડાશ, ઘનતા (૨)

**ઉભી ચાવી :**
(૧) દાબ, કાબૂ (૩)
(૨) ધાતુને લાગતો મેલ કે તેનો વિકાર (૨)
(૪) ઈરાન દેશ (૩)
(૫) અમદાવાદ-મુંબઈ વચ્ચે આવતુ એક સ્ટેશન (૨)
(૬) સૈન્ય, છાવણી (૩)
(૭) કવિતા કરનાર (૨)
(૯) સઘળુ, તમામ (૩)
(૧૧) કમળનુ તળાવ-સરોવર (૫)
(૧૪) કાંત, પતિ (૩)
(૧૫) દૂર, છેટુ (૩)
(૧૬) પીવુ તે (૨)
(૧૭) લખેલુ ભૂંસવા માટે વપરાય (૩)
(૨૦) ફાયદો, લાભ (૪)
(૨૨) વેગ, ઝડપ (૪)
(૨૪) અદબ, સભ્યતા (૪)
(૨૫) એક જાતનુ વહાણ (૩)
(૨૬) કેરીની એક જાત (૩)

## શબ્દ સંજોગ-૨૨૮૬ જવાબ

**આડી ચાવીઃ** (૧) સોમનાથ (૪) શાખા (૭) વડ (૮) ભારખાનુ (૯) તક (૧૧) કનકવો (૧૩) સત્ય (૧૪) માજી (૧૫) સન (૧૬) સામ (૧૭) કાજ (૧૮) રાહ (૧૯) હક (૨૧) સાવ (૨૩) ગરજ (૨૫) હેરત (૨૭) વામ (૨૮) કવચ (૩૦) રસકસ (૩૧) ભાતીગળ. **ઉભી ચાવીઃ** (૧) સોબત (૨) નાવ (૩) થડક (૪) શાભાકજી(શાકભાજી) (૫) ખારવો (૬) ખાનુ (૧૦) કસમ (૧૨) નમાજ (૧૫) સહસા (૧૬) સારંગ (૧૭) કાક (૧૯) હજ (૨૦) શેર (૨૨) વળચળ(ચળવળ) (૨૪) રકાસ (૨૫) હેમ (૨૬) તકતી (૨૭) વાસ (૨૯) વગ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૭૯૦ | ૧૯૮૦ |
| ઘઉં લોકવન | ૫૭૫ | ૬૬૪ |
| ઘઉં ટુકડા | ૫૮૧ | ૭૮૧ |
| જુવાર સફેદ | ૧૩૪૧ | ૧૬૭૦ |
| જુવાર પીળી | ૪૮૦ | ૫૭૦ |
| બાજરી | ૪૮૮ | ૫૩૦ |
| મકાઇ | ૪૬૫ | ૫૪૬ |
| તુવેર | ૧૪૮૦ | ૧૯૩૦ |
| ચણા પીળા | ૧૨૦૦ | ૧૪૬૫ |
| ચણા સફેદ | ૧૪૩૦ | ૨૨૫૦ |
| અડદ | ૧૫૬૦ | ૨૦૦૫ |
| મગ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| વાલ દેશી | ૯૦૦ | ૧૩૦૧ |
| ચોળી | ૧૦૦૦ | ૧૯૪૦ |
| વટાણા | ૮૦૦ | ૧૧૭૮ |
| રાજમા | ૧૮૦૦ | ૨૦૧૮ |
| સીંગદાણા | ૧૮૫૦ | ૨૦૦૦ |
| મગફળી જાડી | ૧૨૫૫ | ૧૭૧૦ |
| મગફળી જીણી | ૧૩૧૧ | ૧૮૨૧ |
| અળશી | ૨૦૨૬ | ૨૦૨૬ |
| તલી | ૨૩૦૦ | ૩૬૦૦ |
| એરંડા | ૧૨૫૦ | ૧૫૮૮ |
| અજમો | ૮૦૦ | ૨૦૨૦ |
| સોયાબીન | ૧૩૩૦ | ૧૫૭૫ |
| સીંગફાડા | ૧૬૨૦ | ૧૮૪૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૪૦૦૦ |
| લસણ | ૧૧૦૦ | ૨૫૫૦ |
| ધાણા | ૨૭૮૦ | ૩૧૦૦ |
| મરચા સુકા | ૩૧૦૦ | ૫૯૦૦ |
| ધાણી | ૨૮૨૫ | ૩૧૭૦ |
| વરીયાળી | ૨૦૬૦ | ૨૬૦૦ |
| જીરૂ | ૪૬૦૦ | ૫૧૫૦ |
| રાય | ૧૫૦૦ | ૧૯૪૨ |
| મેથી | ૫૦૦ | ૨૦૨૭ |
| ઇસબગુલ | ૧૭૪૦ | ૧૭૪૦ |
| કલોંજી | ૪૬૦૦ | ૫૧૧૧ |
| રાયડો | ૧૨૫૦ | ૧૬૯૦ |
| રજકાનું બી | ૫૦૦૦ | ૭૨૬૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૩૧૧ | ૨૬૨૪ |
| પપૈયા | ૨૦૧ | ૩૬૪ |
| બટેટા | ૧૨૩ | ૩૪૪ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૮૫૧ |
| ટમેટા | ૧૪૩ | ૩૮૪ |
| સુરણ | ૪૧૫ | ૬૦૩ |
| કોથમરી | ૪૧૭ | ૮૨૨ |
| મુળા | ૨૫૪ | ૪૫૯ |
| રીંગણા | ૧૦૨ | ૨૨૫ |
| કોબીજ | ૪૧ | ૮૨ |
| ફ્લાવર | ૧૨૮ | ૩૧૧ |
| ભીંડો | ૩૩૪ | ૭૯૬ |
| ગુવાર | ૫૫૩ | ૧૩૮૮ |
| ચોળાસીંગ | ૩૮૪ | ૮૧૭ |
| વાલોળ | ૪૧૨ | ૭૧૩ |
| ટીંડોળા | ૨૨૧ | ૬૦૪ |
| દુધી | ૧૦૭ | ૨૦૪ |
| કારેલા | ૩૧૧ | ૪૧૯ |
| સરગવો | ૯૮૬ | ૧૯૯૭ |
| તુરીયા | ૪૧૫ | ૭૨૧ |
| પરવર | ૫૨૧ | ૭૧૪ |
| કાકડી | ૩૦૫ | ૯૭૯ |
| ગાજર | ૩૨૧ | ૪૧૯ |
| વટાણા | ૨૫૫૯ | ૩૯૮૬ |
| તુવેરસીંગ | ૬૧૩ | ૯૨૩ |
| ગલકા | ૩૪૧ | ૫૮૭ |
| બીટ | ૩૧૪ | ૪૯૨ |
| મેથી | ૬૧૧ | ૧૦૧૮ |
| વાલ | ૮૧૭ | ૧૧૮૪ |
| ડુંગળી લીલી | ૩૧૫ | ૫૧૪ |
| આદુ | ૧૪૧૫ | ૩૨૨૧ |
| મરચા લીલા | ૩૧૭ | ૮૯૩ |
| હળદર લીલી | ૬૧૪ | ૯૯૪ |
| લસણ લીલું | ૩૦૩૪ | ૪૦૨૨ |
| મગફળી લીલી | ૮૧૩ | ૧૦૧૨ |
| મકાઇ લીલી | ૧૪૮ | ૨૮૧ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૯૪૧ |
| ઘઉં લોકવન | ૫૬૮ | ૭૧૧ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૮૨૧ |
| સિંગદાણા જાડા | ૧૭૦૦ | ૨૧૭૧ |
| સિંગ ફાડીયા | ૧૦૫૧ | ૨૧૧૧ |
| એરંડા/એરંડી | ૧૨૭૬ | ૧૭૪૧ |
| જીરૂ | ૨૨૦૦ | ૫૩૦૧ |
| ક્લંજી | ૩૫૦૧ | ૫૦૫૧ |
| ધાણા | ૨૮૦૦ | ૩૨૫૧ |
| ડુંગળી લાલ | ૩૦૧ | ૧૦૦૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૯૭૧ |
| તુવેર | ૮૦૦ | ૧૯૫૧ |
| રાયડો | ૧૬૫૧ | ૧૬૫૧ |
| રાય | ૧૮૫૧ | ૧૮૯૧ |
| મેથી | ૧૭૦૧ | ૧૭૦૧ |
| કાંગ | ૮૪૧ | ૮૭૧ |
| સફેદ ચણા | ૧૩૫૧ | ૨૩૨૧ |
| તલ - તલી | ૨૦૦૦ | ૩૩૨૧ |
| ઇસબગુલ | ૨૨૭૧ | ૨૨૭૧ |
| ધાણી | ૨૯૦૦ | ૩૨૭૧ |
| બાજરો | ૨૮૧ | ૫૦૧ |
| જુવાર | ૧૪૭૬ | ૧૭૨૧ |
| મગ | ૭૦૧ | ૧૯૭૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૪૮૧ |
| વાલ | ૮૨૬ | ૧૭૫૧ |
| ચોળા/ચોળી | ૬૦૧ | ૨૧૫૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૫૨૬ |
| રજકાનું બી | ૩૮૦૧ | ૩૮૦૧ |
| ગોગળી | ૯૦૦ | ૧૫૬૧ |
| વટાણા | ૫૦૦ | ૧૦૦૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૪૦૦ |
| મરચા | ૧૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૧૫૦૦ |
| કોબી | ૪૦ | ૧૪૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૪૦ | ૨૪૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૮૦ | ૬૦૦ |
| ગાજર | ૧૮૦ | ૮૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| તુવેર | ૩૦૦ | ૮૦૦ |
| વાલ | ૧૮૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૩૨૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૩૦૦૦ |
| બટેટા | ૧૩૦ | ૨૮૦ |
| લીલી હળદર | ૪૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૧ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૮ |
| મૂળા પુરા | ૩ | ૫ |
| ફોદીનો પુરા | ૫ | ૬ |
| પચકારુ | ૧૨૦ | ૧૬૦ |
| ચુરણ | ૨૦૦ | ૮૦૦ |
| પરવર | ૫૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૨૪૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૫ |
| બીટ પુરા | ૮ | ૧૫ |
| સરગવો પુરા | ૧૦ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૬૦૦ |
| વાલોર | ૨૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૫૮૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૭૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૨ | ૯ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૩૧૫ | ૧૫૨૦ |
| શિંગ ગીરનાર | ૧૧૭૦ | ૧૫૮૦ |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૭૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૦૦ | ૧૯૦૦ |
| તલ સફેદ | ૨૫૩૦ | ૩૩૯૦ |
| તલ કાળા | ૨૨૦૦ | ૪૧૨૫ |
| તલ કાશમીરી | ૨૨૦૦ | ૨૮૯૫ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૮૦૦ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૩૫ |
| અડદ | ૧૬૭૦ | ૧૯૩૫ |
| ચણા | ૧૧૪૦ | ૧૪૫૫ |
| સફેદ ચણા | ૧૩૪૫ | ૧૪૫૦ |
| તુવેર | ૧૦૨૦ | ૧૯૧૫ |
| કપાસ | ૧૧૮૦ | ૧૯૭૫ |
| એરંડા | ૧૪૫૦ | ૧૫૧૫ |
| જીરૂ | ૪૪૩૦ | ૫૦૦૦ |
| રાયડો | ૧૫૦૦ | ૧૫૦૦ |
| રાય | ૧૫૦૦ | ૧૬૫૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૯૦૦ |
| મેથી | ૧૦૯૦ | ૧૪૩૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૪૭૦ |
| છોલે ચણા | ૧૨૦૦ | ૧૯૭૫ |
| જુવાર | ૬૪૦ | ૧૫૫૫ |
| બાજરો | ૩૧૫ | ૪૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૩૦ | ૨૭૦ |
| રીંગણા | ૧૧૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૨૦ | ૧૬૦ |
| શક્કરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ટમેટાં | ૨૮૦ | ૩૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૪૦ | ૨૧૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૦૦ |
| મૂળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૪૫૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| વટાણા | ૨૭૫૦ | ૨૯૫૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| વાલ | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૨૦ | ૬૩૦ |
| આદુ | ૧૨૫૦ | ૧૪૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ફોદીનો | ૮૫૦ | ૯૫૦ |
| ટીંડોરા | ૪૨૦ | ૫૪૦ |
| બીટ | ૬૦૦ | ૭૨૦ |
| સરગવો | ૧૮૦૦ | ૨૦૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૫૦૦ | ૮૧૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૩૫૦ | ૪૫૦ |
| ડુંગળી સુકી | ૬૦૦ | ૮૪૦ |
| લસણ લીલું | ૨૫૦૦ | ૩૦૦૦ |
| લસણ સુકું | ૧૫૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૫૮૦ | ૨૦૩૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૨૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૬૨૧ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૬૮૦૦ |
| તલ સફેદ | ૨૯૦૦ | ૩૧૮૩ |
| તલ કાળા | ૩૧૭૫ | ૩૯૧૧ |
| જીરૂ | ૪૭૪૬ | ૫૦૨૫ |
| કપાસ | ૧૯૦૦ | ૧૯૭૫ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૯૩ |
| બાજરો | ૪૦૦ | ૫૯૦ |
| જુવાર | ૧૦૦૦ | ૧૫૪૩ |
| ચણા | ૧૨૦૦ | ૧૪૧૦ |
| દેશી ચણા | ૧૨૫૦ | ૧૫૧૧ |
| તુવેર | ૧૫૦૦ | ૧૮૩૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૯૦ |
| મગ | ૧૨૦૦ | ૧૩૩૦ |
| અડદ | ૧૬૦૦ | ૨૧૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૦૫ | ૧૯૫૧ |
| મગફળી | ૧૩૬૦ | ૧૬૦૧ |
| ઘઉં | ૫૪૮ | ૫૪૮ |
| ચણા | ૧૩૮૧ | ૧૩૮૧ |
| અડદ | ૧૫૬૫ | ૧૮૫૦ |
| તલ સફેદ | ૨૦૪૦ | ૨૦૪૦ |
| તલ કાળા | ૩૧૧૦ | ૩૯૦૦ |
| કલોંજી | ૪૫૦૦ | ૪૫૦૦ |
| શીંગ દાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૯૬ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૮૮૦ | ૧૯૩૭ |
| ઘઉં લોકવન | ૫૭૫ | ૬૨૧ |
| ઘઉં ટુકડા | ૫૬૫ | ૫૬૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૨૨૦ |
| મગફળી | ૧૨૬૫ | ૧૪૦૦ |
| ચણા | ૧૨૫૦ | ૧૪૨૫ |
| લસણ | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ધાણા | ૨૫૦૦ | ૨૭૮૦ |
| સોયાબીન | ૧૧૬૫ | ૧૩૮૩ |
| તુવેર | ૧૨૨૦ | ૧૫૦૦ |
| અડદ | ૧૮૦૦ | ૧૯૨૦ |
| તલ સફેદ | ૨૨૫૦ | ૩૩૦૧ |
| ચણા છોલે | ૧૩૦૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૬૩૫ | ૬૩૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૮૩૦ | ૨૦૦૦ |
| કપાસ મીડીયમ | ૧૭૦૦ | ૧૮૧૦ |
| મગફળી | ૧૪૮૦ | ૧૬૬૩ |
| જીરૂ | ૪૭૨૦ | ૫૦૫૦ |
| ઘઉં | ૫૫૧ | ૬૧૬ |
| અડદ | ૧૬૪૦ | ૧૮૦૦ |
| મગ | ૧૪૨૧ | ૧૬૭૫ |
| સોયાબીન | ૧૩૫૧ | ૧૩૮૫ |
| તલ સફેદ | ૨૮૪૦ | ૩૨૦૦ |
| તલ કાળા | ૩૧૮૦ | ૩૯૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૫૦૧ | ૧૯૮૬ |
| ઘઉં | ૫૦૧ | ૬૧૨ |
| ચણા | ૧૦૦૧ | ૧૪૩૧ |
| અડદ | ૧૨૦૧ | ૧૮૭૬ |
| મગફળી | ૭૦૧ | ૧૫૫૫ |
| ધાણા | ૧૨૦૧ | ૨૨૭૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૦૧ |
| લસણ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૧૨૦૧ | ૧૨૦૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૩૧૦૧ |
| શીંગ દાણા | ૧૭૫૬ | ૧૭૫૬ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૧૦૦૦ | ૧૬૦૯ |
| શીંગ ૩૯ | ૯૦૦ | ૧૭૦૫ |
| શીંગ જી-૨૦ | ૧૧૦૦ | ૧૬૭૨ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| જુવાર | ૮૯૧ | ૧૫૫૦ |
| બાજરી | ૪૯૦ | ૬૨૧ |
| ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૮૯ |
| મકાઈ | ૫૦૦ | ૬૧૨ |
| અડદ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મગ | ૧૩૯૫ | ૧૮૨૫ |
| ચણા | ૬૦૦ | ૧૪૯૦ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૩૧૫૯ |
| તલ કાળા | ૨૨૫૦ | ૩૯૩૫ |
| જીરૂ | ૪૧૭૦ | ૫૦૦૦ |
| ડુંગળી લાલ ન. | ૧૨૮ | ૮૯૨ |
| ડુંગળી લાલ જુ. | ૮૦ | ૮૩૦ |
| ડુંગળી સફેદ ન. | ૩૧૨ | ૭૬૯ |
| ડુંગળી સફેદ જુ. | ૨૦૦ | ૭૩૨ |
| કપાસ શંકર | ૧૭૫૮ | ૧૮૪૨ |
| નાળીયેર | ૧૦૦૦ | ૩૩૨૫ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૧૩૬૦ | ૧૬૫૮ |
| બાજરી હાઇબ્રીડ | ૪૫૦ | ૫૪૦ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૮ |
| અડદ | ૧૩૦૦ | ૧૯૪૦ |
| સોયાબીન | ૧૧૪૦ | ૧૩૯૨ |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૯૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૮૨૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૭૬૫ | ૧૯૨૪ |
| મગફળી | ૧૨૦૧ | ૧૫૭૦ |
| જુવાર સફેદ | ૧૨૮૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૩૩૯ | ૧૩૪૯ |
| અડદ | ૧૪૪૫ | ૧૪૪૫ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| **જામનગર** | | |
| બાજરી | ૫૦૧ | ૫૧૩ |
| ઘઉં | ૬૦૦ | ૬૫૬ |
| અડદ | ૧૧૫૫ | ૧૮૬૫ |
| ચણા | ૧૩૯૮ | ૧૪૭૦ |
| મગફળી જીણી | ૧૩૦૦ | ૧૭૦૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૬૫૦ |
| મગફળી 66 NUM | ૧૫૦૦ | ૨૨૫૦ |
| મગફળી 9 NUM | ૧૭૦૦ | ૨૬૨૦ |
| એરંડા | ૧૬૫૦ | ૧૬૭૪ |
| તલી | ૨૫૦૦ | ૩૧૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૫૯૦ |
| લસણ | ૬૦૫ | ૨૭૦૦ |
| કપાસ | ૧૮૫૦ | ૨૦૧૫ |
| જીરૂ | ૪૫૦ | ૫૦૭૫ |
| અજમો | ૧૮૦૦ | ૪૮૮૦ |
| અજમાની ભૂસી | ૭૦ | ૩૪૧૦ |
| ધાણા ધાણી | ૧૯૩૦ | ૩૦૦૦ |
| મરચા | ૨૮૦૦ | ૫૬૮૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૮૮૫ |
| ડુંગળી નાસિક | ૪૦૦ | ૧૦૧૦ |
| શીંગ દાણા | ૧૪૦૦ | ૧૬૮૦ |
| સોયાબીન | ૧૨૪૫ | ૧૩૮૦ |
| કલોજી | ૯૦૦ | ૫૧૪૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૮૫૨ | ૧૯૪૮ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૨૯૫ |
| એરંડી | ૧૧૯૫ | ૧૧૯૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અમરેલીમાં ઈકો અર્થ ફાઉન્ડેશનના નેજા હેઠળ વૃક્ષારોપણ અભિયાન વેગવંતુ બન્યું

અમરેલી,તા.૨૬

અમરેલી સ્થિત ઠેબી ડેમ વિસ્તારમાં પર્યાવરણ સંરક્ષણના હેતુથી ઈકો અર્થ ફાઉન્ડેશનના નેજા હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, રાજુલા વિસ્તારના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, ધારી-બગસરા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિતના મહાનુભાવોએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પ્રકૃતિના જતનમાં વૃક્ષોનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે ઉપસ્થિત યુવાનો અને નાગરિકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા તેમજ પર્યાવરણની સુરક્ષા માટે સક્રિય ભાગીદારી નોંધાવવા અપીલ કરી હતી. વૃક્ષારોપણ દ્વારા સમાજમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પર્યાવરણ સંરક્ષણની ઝુંબેશના ભાગરૂપે ઈકો અર્થ ફાઉન્ડેશન દ્વારા 'ફ્રી ધ





ટ્રી મુવમેન્ટ' શરૂ કરવામાં આવી છે. આ અભિયાનનો મુખ્ય હેતુ વૃક્ષોને તાર, જાળી અને બ્લોક કોંક્રિટનાં બાંધકામોની પકડમાંથી મુક્તિ અપાવવાનો છે, જેથી વૃક્ષોનો વિકાસ યોગ્ય રીતે થઈ શકે અને તેમનું જતન થઈ શકે. ફાઉન્ડેશનના 'પ્રોજેક્ટ નવજીવન' અંતર્ગત અમરેલી વિસ્તારમાં નવતર અભિગમ અપનાવવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માત્ર નવા છોડ વાવવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ વર્ષો જૂનાં અને વિકસિત વૃક્ષોની યોગ્ય જાળવણી, સંભાળ અને વૈજ્ઞાનિક પધ્ધતિથી માવજત કરવાના કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે. જૂનાં વૃક્ષોને સુરક્ષિત રાખીને હરિયાળું વાતાવરણ ટકાવી રાખવા પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. વૈશ્વિક સ્તરે ચિંતાનો વિષય બનેલા ક્લાઈમેટ ચેન્જ સામે લડવા માટે હરિયાળી વધારવી અને વૃક્ષોનું સંરક્ષણ કરવું જરૂરી છે. નવા વૃક્ષો વાવવાની સાથે હયાત વૃક્ષોની જાળવણી પણ એટલી જ મહત્વપૂર્ણ છે. વૃક્ષોની યોગ્ય માવજત દ્વારા તેમના પર્યાવરણીય લાભને જાળવી રાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઠેબી ડેમ વિસ્તારમાં વૃક્ષારોપણ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, વિવિધ સંગઠનોના હોદ્દેદારો, સ્થાનિક આગેવાનો અને કોલેજના વિદ્યાર્થીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'નું સામૂહિક શ્રવણ કર્યું હતું. કાર્યક્રમમાં દેશના વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલી પ્રેરણાદાયી પ્રવૃત્તિઓ, સ્વચ્છતા, વૃક્ષારોપણ, જળશક્તિ, પર્યાવરણ સંરક્ષણ અને સ્વનિર્ભરતા જેવા વિષયો રજૂ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત લોકોએ રાષ્ટ્રનિર્માણ અને પર્યાવરણ જતનના કાર્યોમાં સક્રિય યોગદાન આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# ધોરાજી એસ.ટી. ડેપોમાં રૂ. ૮.૮૩ કરોડના ખર્ચે નવા વર્કશોપનું ધારાસભ્ય મહેન્દ્ર પાડલિયાએ કર્યું ખાતમુહૂર્ત

ધોરાજી,તા.૨૬

જૂનાગઢ ડિવિઝન હેઠળના ધોરાજી એસ.ટી. બસ સ્ટેશન ખાતે રૂ. ૮.૮૩ કરોડના ખર્ચે નવનિર્માણ પામનાર આધુનિક એસ.ટી. વર્કશોપનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેન્દ્ર પાડલિયાના હસ્તે સંપન્ન થયું છે. ૧ જાન્યુઆરી, ૧૯૭૨ના રોજ શરૂ થયેલા આશરે ૫૪ વર્ષ જૂના વર્કશોપના સ્થાને બનનાર આ સુવિધાથી બસોની જાળવણી,


તસવીર : નયન કુહાડીયા

ટેકનિકલ કામગીરી અને મુસાફરોની સેવાઓમાં મોટો સુધારો થશે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઈલેક્ટ્રિક બસો માટે ચાર્જિંગ સ્ટેશન તથા ડ્રાઈવર અને કંડક્ટરો માટે આરામગૃહની વિશેષ વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. ધારાસભ્યએ મુસાફરોને સલામત અને સમયબધ્ધ સુવિધા આપવાના સરકારના પ્રયાસોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ પાયલબેન ધોળકિયા, કારોબારી ચેરમેન સી.સી. અંટાળા, ઉપપ્રમુખ ચિન્ટુભાઈ કોયાણી સહિત પક્ષના અગ્રણીઓ તેમજ એસ.ટી. વિભાગના ડેપો મેનેજર, વિભાગીય નિયામક, વિવિધ ઈજનેરો, અધિકારીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# પણાદરમાં શિક્ષણ મંત્રીના હસ્તે રૂ. ૨.૨૭ કરોડના ખર્ચે સુવિધાપથ અને રોડ રિસર્ફેસિંગ કામોનું ખાતમુહૂર્ત

ગીર સોમનાથ,તા.૨૬

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના પણાદર ગામે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાના હસ્તે અંદાજે રૂ. ૨.૨૭ કરોડના ખર્ચે સુવિધાપથ અને રોડ રિસર્ફેસિંગનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ યોજના અંતર્ગત રૂ. ૫૪.૪૨ લાખના ખર્ચે ૫૫૦ મીટર લાંબા સુવિધાપથનું નિર્માણ અને રૂ.


તસવીર : કુલદીપ પાઠક

૧.૯૮ કરોડના ખર્ચે ૩.૨૦ કિમી લાંબા માર્ગનું રિસર્ફેસિંગ કરાશે, જેનાથી ગ્રામજનો માટે વાહનવ્યવહાર વધુ સુગમ બનશે. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અંતરિયાળ વિસ્તારોમાં સારા રસ્તા બનવાથી ગ્રામીણ જીવન સરળ થશે અને સર્વાંગી વિકાસને વેગ મળશે. કાર્યક્રમ દરમિયાન શિક્ષણ મંત્રીએ શહીદવીર પ્રતાપસિંહ ઝણકાટની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રધ્ધાંજલિ આપી હતી, જ્યાં પંચાયતના પદાધિકારીઓ, અધિકારીઓ તથા સ્થાનિક ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં ભવ્ય 'પીળા પતંગિયા શરદોત્સવ' યોજાયો

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શનમાં નાવલી યુથ ફાઉન્ડેશન દ્વારા 'પીળા પતંગિયા શરદોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા તથા અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શરદોત્સવને યાદગાર બનાવવા માટે આયોજકો દ્વારા આધુનિક ટેકનોલોજી, આકર્ષક સજાવટ, ભવ્ય સ્ટેજ અને વિશેષ સાઉન્ડ સિસ્ટમ સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ, નગરજનો અને ગરબાપ્રેમીઓ જોડાયા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ઉત્સવમય બન્યું હતું. ભવ્ય સ્ટેજ,૫૦૦ ફૂટની LED સ્ક્રીન, અને લાઈવ DJ



આધુનિક થ્રી-વે સાઉન્ડ સિસ્ટમ બન્યાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. આકર્ષક દશ્યાવલિ અને આધુનિક ટેકનોલોજીના સમન્વયથી ગરબા સ્થળને વિશેષ રીતે સજાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સાવરકુંડલામાં પ્રથમવાર ડ્યુઅલ ટોપ અને ડ્યુઅલ બેઝ લાઈનર ધરાવતી થ્રી-વે સાઉન્ડ સિસ્ટમ રજૂ કરવામાં આવી હતી. આધુનિક સાઉન્ડ સિસ્ટમ અને લાઈટિંગની વ્યવસ્થાએ ગરબાના ઉત્સાહમાં વધારો કર્યો હતો. સંગીતના તાલે ગરબા રમતા ખેલૈયાઓએ ઉત્સવનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમની વિશેષતા એ છે કે બીમાર ગાયોની સારવાર જેવા સેવાકાર્યના લાભાર્થે તેનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં પરંપરાગત વસ્ત્રો પહેરીને ગરબા રમતા ખેલૈયાઓને તેમના પ્રદર્શનના આધારે ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે અમરેલી જિલ્લા જાહેર બાંધકામ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ પાનસુરિયા, સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ અનિરુધ્ધસિંહ રાઠોડ, સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, લીલીયા તાલુકા ભાજપના આનંદભાઈ ધાનાણી, સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા તથા સાવરકુંડલા તાલુકા પંચાયતનાં પ્રમુખ દક્ષાબેન મહીડા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, નગરપાલિકાના સભ્યો, અમરેલી જિલ્લા તેમજ સાવરકુંડલા વિધાનસભાના વિવિધ હોદ્દેદારો, કાર્યકરો કાર્યક્રમમાં જોડાયા હતા.

# ઉનાના પસવાળા ગામના સરપંચ પર જીવલેણ હુમલાના બે આરોપી ઝડપાયા



ઉના,તા.૨૬

પસવાળા ગામના સરપંચ ભીમજી જાદવ પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરવાના કેસમાં ચોક બજાર પોલીસે તુષાર મકવાણા અને પરેશ મકવાણાની ધરપકડ કરી છે. બંને આરોપીઓ સુરત સહિતના સ્થળોએ ઘરફોડ ચોરીના ગુનાઓમાં પણ સંડોવાયેલા હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર હરેશ.કે. કોટડીયા ( બી.એ.એલ.એલ.બી.એડવોકેટ ) સરનામુ - મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે, મું લાઠી તા. લાઠી જી. અમરેલી ના અમો અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

આથી સર્વે લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મોજે ગામ શેખ પીપરીયા ના રેવન્યુ સર્વે નં. ૪૧૭/ ૪ ની ખેતીની જમીન કે જે જુની શરતની જરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૧-૧૩-૩૧ તથા જેના ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં. ૨૮૦ થી અમો શ્રી ભુવા ધીરૂભાઈ મોહનભાઈની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત સર્વે નંબરવાળી કુલ જમીન હે.આરે. ચો.મી. ૧-૧૩-૩૧ બરાબર તેના ઉપરોકત માલીક પાસેથી ખરીદ કરવા અમારા અસીલ ઈચ્છા ધરાવતા હોય સદરહું ખેડવાણ જમીન કે આ વેચાણ પરત્વે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર, લાગભાગ, હકક હિત, હિસ્સો, દરદાવો, વરસાઈ હકક કે ભરણ પોષણનો હકક કે અન્ય કોઈ હકક હોય કે કોઈ સરકારી અર્ધ સરકારી કે કોઈપણ બેંક અથવા પેઢી, મંડળી કે અન્ય કોઈપણ પ્રકારનુ લેણું, કરજ, બોજો કે જામીનગીરી હોય કે કોઈને આ વેચાણ પરત્વે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ- આંઠ (૮) માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવ્યા પ્રમાણે સરનામે આધાર પુરાવા સહિત વાંધા રજુ કરવા અથવા તો દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિસ્સો, દર દાવો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજીને અમારા અસીલ ચુકતે અવેજ ચુકવી, વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી કબ્જો ભોગવટો સંભાળી લેશે સદરહું ખેતીની જમીન ખરીદ કરશે અને પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી, જેની તમામે નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી..

સ્થળ :- લાઠી
તારીખ :-૨૬ / ૧૦/૨૦૨૬

હરેશ કે. કોટડીયા
(એડવોકેટ)
૯૮૭૫૦ ૬૨૦૮૮
મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે,
મું લાઠી તા. લાઠી જી. અમરેલી

# ઉના નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળા શોપિંગ ફેસ્ટિવલ-૨૦૨૬નું આયોજન

ઉના,તા.૨૬

ઉના નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળા શોપિંગ ફેસ્ટિવલ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે રિબન કાપીને મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વોકલ ફોર લોકલ' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવા મેળાનું આયોજન કરાયું છે. ધારાસભ્યએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈ



સ્થાનિક કારીગરો, નાના વેપારીઓ અને સ્વસહાય જૂથોની બહેનોનાં ઉત્પાદનો નિહાળ્યાં હતાં. નાગરિકોને સ્વદેશી વસ્તુઓ અપનાવી સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવા અપીલ કરાઈ હતી.

# કચ્છના દરિયાકાંઠે મરીન પોલીસનું સઘન પેટ્રોલિંગ

ભુજ,તા.૨૬

દરિયાકાંઠાની સુરક્ષા વધુ મજબૂત બનાવવા અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવાના હેતુથી તા. ૨૬ ઓક્ટોબરના રોજ મરીન પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.બુધ્ધબંદરથી કાલાપાણી સુધીના દરિયાકાંઠાના વિસ્તારમાં પાંચ કિલોમીટરથી વધુ અંતર સુધી પગપાળા પેટ્રોલિંગ કરીને સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન મરીન કમાન્ડોની વિવિધ ટીમોએ સંવેદનશીલ વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. દરિયાકાંઠે સુરક્ષા વ્યવસ્થા જાળવવા અને કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ પર નજર રાખવાના હેતુથી હાથ ધરાયેલી આ કામગીરીમાં દરિયાઈ વિસ્તારની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, કૈલાશબેન પ્રવિણભાઈ કાબરીયા
મારું જૂનું નામ : કૈલાશબેન કાબરીયા થી બદલી ને
નવું નામ : કૈલાશબેન પ્રવિણભાઈ કાબરીયા કરવામાં આવ્યું છે. તેથી હું કૈલાશબેન પ્રવિણભાઈ કાબરીયા તરીકે ઓળખાવ છું
સહી :- કૈલાશબેન પ્રવિણભાઈ કાબરીયા
સરનામું :- ૧૭૨, આનંદનગર શેરી-૦૮, સંકુલપાછળ, ચક્કરગઢ રોડ, અમરેલી, તા.જી: અમરેલી, ગુજરાત - ૩૬૫૬૦૧

મોજે:- જરખીયા તા.લાઠી ગામે આવેલ રેવન્યુ સર્વે નંબર:- ૨૪૭ પૈકી ૨ જેના હે.આરે. ૨-૩૧-૬૬ ચો.મી. ની

## :: જાહેર નોટીસ ::

આથી અમો નોટીસમા સહી કરનારા અનિલભાઈ કેશવભાઈ કાવઠીયા, ઉ.વ.પુખ્ત, ધંધો-ખેતી, રહે. વલારડી, તા.બાબરા, જી.અમરેલી, મો.નં.૯૭૨૩૫ ૦૦૬૦૩ ના આ જાહેર નોટીસ આપીને જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના જરખીયા ગામે આવેલ ખેડ ખાતા નંબર:- ૧૨૮૭ જેના રેવન્યુ સર્વે નંબર:- ૨૪૭ પૈકી ૨ જેનુ કુલ ક્ષેત્રફળ હે.આરે. ૨-૩૧-૬૬ ચો.મી. વાળી ખેતીની જમીનનો સ્વતંત્ર રીતે કબ્જો ભોગવટો ઘરાવીએ છીએ, અને અમો સયુંકત રીતે વહીવટ વ્યવસ્થાઓ કરીએ છીએ. તેથી આ જાહેર નોટીસથી તમામને જાણ કરવામાં આવેલ છે કે ઉપરોકત ખેતીની જમીન હાલ અમારે વેચાણથી આપવાની હોય અને લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં જમીન ખરીદનારના નામનો વેચાણ દસ્તાવેજ નોંધાવવાનો હોય જે વેચાણને લગતી કરવી પડતી કાર્યવાહીઓ ટુંક સમયમાં પુર્ણ કરવાની હોય તેથી અમો આ જાહેર નોટીસ દ્વારા જાહેર કરીએ છીએ કે ઉપરોકત ખેતીની જમીન અને તેની સાથે જોડાયેલા માલીકીના હકકો, તથા કબ્જા, ભોગટાના તમામ પ્રકારના હકકો તથા જામીનગીરી હકકો કે જમીનને લગતા અન્ય સુખાધીકારના હકકો, પરત્વે કોઈ વ્યકિત, સખ્શ, સંસ્થાઓ, પેઢી, કંપનીઓ, એસોસીએશન, બેન્ક, સરકારી કે અર્ધસરકારી નાણાકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારના હકકો, હિસ્સાઓ, લાગભાગ, બાનાખત સાટાખત, મો-બદલાના કરાર, અને અન્ય કરારો કે લીયનચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ જમીન પરત્વેના ભરણ પોષણના હકકો ઘરાવતા હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૦૭ (સાત) મા દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નીચે જણાવ્યા મુજબના સરનામે રજી.એડી પોસ્ટથી તથા કુરીયર દ્વારા તથા રૂબરૂ રજુ કરવા તે સમય દરમ્યાન આ જમીનના ટાઈટલ બાબતે કોઈ વેચાણ સામે વાંધાઓ રજુ કરવામાં નહી આવે તો સદર જમીન ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ સમજીને અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગ-ભાગ આવેલા હોય તો તેઓએ જતો (WAIVE) કરેલા છે, તેમજ સદરહુ વેચાણ બાબતે તેમની સંપુર્ણ સહમતી છે, અને તે પછી ભવિષ્યેપણ આ જમીન સંબંધે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા-તકરાર જમીન ખરીદનારને કે અમો નોટીસ પ્રસિધ્ધ કરનારને લાગુ પડશે નહી, અને ઉપરોકત જમીનમાં ત્યારબાદ આવા કોઈ કરાર, લખાણ કરીને જમીનમાં પ્રવેશ કરવામાં આવશે તો તેની સામે ફોજદારી અને કોર્ટ રાહે કાર્યવાહી કરવામાં આવશે અને તે અંગે થતા ખર્ચની જવાબદારી જે-તે વ્યકિત, સંસ્થાની રહેશે. આ નોટીસમાં નીચે સહી કરીને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે. તેમજ મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિત, હિસ્સો, અધિકારો, બોજો કે દાર દાવો નથી અને હોય તો જતો કરેલ છે તેમ સમજી, મજકુર જમીન વેચાણ આપવા અંગેની કાર્યવાહી સંપુર્ણ કરી આપશુ ત્યારબાદ તે અંગેની કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દાવો-ફરીયાદ ચાલશે નહી તેની લાગતા વળગતાએ નોંધ લેવી.

મુ.: લાઠી
તારીખ :૨૬/૧૦/૨૦૨૬

પત્ર વ્યવહારનું સરનામુ :-
મનોજભાઇ સી. કાંટીયા
એડવોકેટ
સોમનાથ કોમ્પ્લેક્ષ, લાઠી તા.લાઠી જી.અમરેલી
મો.નં.૯૪૨૭૨ ૮૧૬૦૭

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, આરતીબેન જય કાબરીયા
મારું જૂનું નામ :- આરતીબેન કાબરીયા થી બદલી ને
નવું નામ :- આરતીબેન જય કાબરીયા કરવામાં આવ્યું છે .
તેથી હું આરતીબેન જય કાબરીયા તરીકે ઓળખાવ છું
સહી :- આરતીબેન જય કાબરીયા
સરનામું :- ઈ-૧૦૧, વિશ્વાસ આઈકોન, ચક્કરગઢ રોડ, બાયપાસ પાસે, અમરેલી, તા.જી: અમરેલી, ગુજરાત - ૩૬૫૬૦૧

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, પ્રવિણભાઈ મનસુખભાઈ કાબરીયા
મારું જૂનું નામ :- પ્રવિણભાઈ કાબરીયાથી બદલી ને નવું નામ :- પ્રવિણભાઈ મનસુખભાઈ કાબરીયા કરવામાં આવ્યું છે.
તેથી હું પ્રવિણભાઈ મનસુખભાઈ કાબરીયા તરીકે ઓળખાવ છું
સહી :- પ્રવિણભાઈ મનસુખભાઈ કાબરીયા
સરનામું :- એ-૧, ચક્કરગઢ રોડ, આનંદનગર શેરી-૦૮, અમરેલી, તા.જી: અમરેલી, ગુજરાત - ૩૬૫૬૦૧

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર હરેશ.કે. કોટડીયા ( બી.એ.એલ.એલ.બી.એડવોકેટ ) સરનામુ - મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે, મું લાઠી તા. લાઠી જી. અમરેલી ના અમો અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

આથી સર્વે લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મોજે ગામ શેખ પીપરીયા ના રેવન્યુ સર્વે નં. ૪૧૭/ ૪ ની ખેતીની જમીન કે જે જુની શરતની જરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આરે.ચો.મી. ૧-૧૩-૩૧ તથા જેના ગામ નમુના નં. ૮-અ ના ખાતા નં. ૨૮૦ થી અમો શ્રી ભુવા ધીરૂભાઈ મોહનભાઈની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ઉપરોકત સર્વે નંબરવાળી કુલ જમીન હે.આરે. ચો.મી. ૧-૧૩-૩૧ બરાબર તેના ઉપરોકત માલીક પાસેથી ખરીદ કરવા અમારા અસીલ ઈચ્છા ધરાવતા હોય સદરહું ખેડવાણ જમીન કે આ વેચાણ પરત્વે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર, લાગભાગ, હકક હિત, હિસ્સો, દરદાવો, વરસાઈ હકક કે ભરણ પોષણનો હકક કે અન્ય કોઈ હકક હોય કે કોઈ સરકારી અર્ધ સરકારી કે કોઈપણ બેંક અથવા પેઢી, મંડળી કે અન્ય કોઈપણ પ્રકારનુ લેણું, કરજ, બોજો કે જામીનગીરી હોય કે કોઈને આ વેચાણ પરત્વે કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ- આંઠ (૮) માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવ્યા પ્રમાણે સરનામે આધાર પુરાવા સહિત વાંધા રજુ કરવા અથવા તો દસ્તાવેજી પુરાવા સાથે વાંધા રજુ કરવા. મુદત વિત્યે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક હિસ્સો, દર દાવો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજીને અમારા અસીલ ચુકતે અવેજ ચુકવી, વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી કબ્જો ભોગવટો સંભાળી લેશે સદરહું ખેતીની જમીન ખરીદ કરશે અને પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈના વાંધા તકરાર આવશે તો તે અમારા અસીલને ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી, જેની તમામે નોંધ લેવી.

મારા અસીલની સુચના અને ફરમાઈશથી..

સ્થળ :- લાઠી
તારીખ :-૨૬ / ૧૦/૨૦૨૬

હરેશ કે. કોટડીયા
(એડવોકેટ)
૯૮૭૫૦ ૬૨૦૮૮
મામલતદાર કચેરી પાસે, તાલુકા શાળા સામે,
મું લાઠી તા. લાઠી જી. અમરેલી

# અમરેલી જિલ્લાની ગ્રામ પંચાયતોમાં સરપંચ પદની બેઠકોની ફાળવણી જાહેર

અમરેલી,તા.૨૬

અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે અમરેલી તાલુકાની ગ્રામ પંચાયતોમાં સરપંચ પદની બેઠકોની નવી વારાફરતી ફાળવણી જાહેર કરી છે. ગુજરાત ગ્રામ પંચાયત સરપંચ ચૂંટણી નિયમો, ૧૯૯૪ તેમજ રાજ્ય ચૂંટણી આયોગના પત્રને ધ્યાને લઈને ત્રીજી સામાન્ય ચૂંટણી માટે આ ફાળવણી કરવામાં આવી છે. અમરેલી તાલુકાની કુલ ૫૭ બેઠકો પૈકી અનુસૂચિત જાતિ માટે ૯ બેઠકો અનામત રખાઈ છે. તેમાં સોનારીયા, ગાવડકા, માચિયાળા મોટા, કાઠમા, રાંઢીયા, ગોખરવાળા મોટા, વડેરા, ટીંબા-જશવંતગઢ જૂથ અને વાંકિયાનો સમાવેશ થાય છે. આ પૈકી પ્રથમ પાંચ બેઠકો સ્ત્રીઓ માટે અનામત છે. અનુસૂચિત આદિજાતિ માટે એક પણ બેઠક અનામત નથી.સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ૧૮ બેઠકો અનામત રખાઈ છે, જેમાં કેરાળા, લાલાવદર, લાપાળીયા, માળીલા, માલવણ, રાજસ્થળી અને સાજીયાવદર સહિતની પંચાયતો છે. તેમાંથી ૯ બેઠકો પછાત વર્ગની સ્ત્રીઓ માટે અનામત છે.બાકીની ૩૦ બેઠકો બિન અનામત રખાઈ છે, જેમાં અમરાપુર, આંકડીયા, બાબાપુર, ચાંપાથળ, ફતેપુર, રંગપુર, તરવડા, ટીંબલા અને વિઠલપુર જેવી પંચાયતો સામેલ છે. તેમાંથી ૧૮ બેઠકો બિન અનામત મહિલાઓ માટે ફાળવાઈ છે. આ ફાળવણી સાથે ગ્રામ પંચાયતોમાં ચૂંટણીની તૈયારીઓ વેગ પકડશે.અમરેલી જિલ્લાના કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી વિકલ્પ ભારદ્વાજએ ગ્રામ પંચાયતોની ત્રીજી સામાન્ય ચૂંટણી માટે સરપંચપદની બેઠકોની વારાફરતી ફાળવણી જાહેર કરી છે. તા. ૨૩ ઓક્ટોબર ૨૦૨૫ના આદેશથી જિલ્લાના બગસરા, ધારી, જાફરાબાદ, ખાંભા, કુંકાવાવ-વડિયા, લાઠી, લીલીયા, રાજુલા અને સાવરકુંડલા તાલુકાઓ માટે બેઠકો નક્કી કરવામાં આવી છે.આ ફાળવણી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૫૧ અને ગુજરાત ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી નિયમો-૧૯૯૪ મુજબ કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૨૦૧૫માં પ્રથમ અને ૨૦૨૧માં બીજી સામાન્ય ચૂંટણી માટે ફાળવણી થઈ હતી. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ૨૭ ટકા અનામતની જોગવાઈ પણ ધ્યાને લેવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગના તા. ૧૪ ઓગસ્ટ ૨૦૨૫ના પત્ર મુજબ આ વારાફરતી ફાળવણી કરાઈ છે. જિલ્લામાં તાલુકાવાર કુલ સરપંચ બેઠકોની સંખ્યા આ પ્રમાણે છેઃ બગસરા ૩૪, ધારી ૫૭, જાફરાબાદ ૩૯, ખાંભા ૫૪, કુંકાવાવ-વડિયા ૪૫, લાઠી ૪૯, લીલીયા ૩૭, રાજુલા ૭૦ અને સાવરકુંડલા ૭૯ બેઠકો જાહેર કરાઈ છે.

### પછાત વર્ગ અને બિન અનામત બેઠકો

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બગસરામાં ૯, ધારીમાં ૧૮, જાફરાબાદમાં ૧૧, ખાંભામાં ૧૫, કુંકાવાવ-વડિયામાં ૧૨, લાઠીમાં ૧૩, લીલીયામાં ૧૦, રાજુલામાં ૧૯ અને સાવરકુંડલામાં ૨૧ બેઠકો અનામત છે. તેમાં પણ મહિલાઓ માટે અલગથી બેઠકો ફાળવાઈ છે. બાકીની તમામ બેઠકો બિન અનામત રહેશે, જેમાં સામાન્ય મહિલાઓ માટે પણ કેટલીક બેઠકો નક્કી કરાઈ છે.

### અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકો

અનુસૂચિત જાતિ માટે બગસરામાં ૫, ધારીમાં ૮, જાફરાબાદમાં ૩, ખાંભામાં ૪, કુંકાવાવ-વડિયામાં ૬, લાઠીમાં ૪, લીલીયામાં ૩, રાજુલામાં ૫ અને સાવરકુંડલામાં ૬ બેઠકો અનામત રખાઈ છે. તેમાંથી મહિલાઓ માટે અલગ બેઠકો પણ નક્કી કરાઈ છે. ઉદાહરણ તરીકે, બગસરાના શાપર, વાઘણીયા નવા અને લુંધિયા ગામની બેઠકો અનુસૂચિત જાતિની મહિલાઓ માટે છે.અનુસૂચિત આદિજાતિ માટે જિલ્લાના તમામ તાલુકામાં એક પણ બેઠક અનામત નથી.

# અમરેલીના ટીંબા ગામે પ્રા.શાળાના સુદ્રઢીકરણ માટે કૌશિક વેકરીયાના હસ્તે વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત



અમરેલી,તા.૨૬

અમરેલી તાલુકાના ટીંબા ગામે પ્રાથમિક શાળાના સુદઢીકરણ અને શૈક્ષણિક સુવિધાઓમાં વધારો કરવાના હેતુથી રૂ. ૫૪ લાખથી વધુના ખર્ચે હાથ ધરાનારા વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું.આ વિકાસકાર્યો અંતર્ગત શાળામાં બે આધુનિક વર્ગખંડો, શૌચાલય, મધ્યાહન ભોજન યોજના માટે આધુનિક રસોડું તેમજ શાળા પરિસરની ફરતે સુરક્ષા દિવાલનું નિર્માણ કરવામાં આવશે. આ સુવિધાઓથી વિદ્યાર્થીઓને સ્વચ્છ, સુરક્ષિત અને સુવિધાસભર વાતાવરણમાં અભ્યાસ કરવાની તક મળશે. સાથે જ શિક્ષકોને શૈક્ષણિક પ્રવૃત્તિઓ વધુ અસરકારક રીતે હાથ ધરવામાં મદદ મળશે.ગ્રામ્ય વિસ્તારના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને આધુનિક માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની દિશામાં આ કામગીરી મહત્વપૂર્ણ સાબિત થશે. આ પ્રસંગે જિલ્લા અને તાલુકા પંચાયતના હોદ્દેદારો, સ્થાનિક અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શંકરસિંહ વાઘેલા સહિત પાંચ ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ કોંગ્રેસમાં વાપસી કરે તેવી રાજકીય ચર્ચા તેજ બની

નવી દિલ્હી,તા.૨૬



રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલ રહી છે કે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સહિત પાંચ ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ કોંગ્રેસમાં પુનઃ પ્રવેશ કરી શકે છે.

વિપક્ષી નેતા રાહુલ ગાંધીના આક્રમક વલણ અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિરોધના પગલે આ અટકળોને બળ મળ્યું છે.

શંકરસિંહ વાઘેલાએ જાહેરમાં કોંગ્રેસમાં પાછા ફરવાની ઈચ્છા વ્યક્ત કરી છે, જ્યારે ગુજરાત કોંગ્રેસના પ્રભારી રણદીપ સુરજેવાલાએ આ અંગે સંકેત આપતા કહ્યું કે જો કોઈ નિર્ણય લેવાશે તો તેની જાણ કરવામાં આવશે.

કોંગ્રેસમાં પાછા ફરી શકે તેવા નેતાઓમાં શંકરસિંહ વાઘેલા ઉપરાંત પંજાબના કેપ્ટન અમરિંદર સિંહ, જમ્મુ-કાશ્મીરના ગુલામ નબી આઝાદ, મહારાષ્ટ્રના અશોક ચવ્હાણ અને આંધ્રપ્રદેશના કિરણ કુમાર રેડ્ડીનો સમાવેશ થાય છે.

હાલમાં વાઘેલા સિવાય અન્ય કોઈ નેતાએ વ્યક્તિગત રીતે ઘરવાપસી અંગે સ્પષ્ટતા કરી નથી. આ નેતાઓમાંથી મોટાભાગના હાલ ભાજપ અથવા પોતાના સ્વતંત્ર પક્ષ સાથે જોડાયેલા છે.

જો આ ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ કોંગ્રેસમાં પાછા ફરે છે, તો દેશના રાજકારણમાં નવો વળાંક આવી શકે છે.

# સા.કુંડલાના માર્કેટિંગ યાર્ડમાં મગફળીની દરરોજ ૨૦ હજાર ગુણીની આવક



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા,તા.૨૬

સાવરકુંડલાના માર્કેટિંગ યાર્ડમાં મગફળીની આવકમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. યાર્ડમાં દરરોજ અંદાજે ૨૦ હજાર ગુણી મગફળીની આવક નોંધાઈ રહી છે. મગફળીની મબલખ આવકના પગલે માર્કેટિંગ યાર્ડમાં ખરીદ-વેચાણની પ્રવૃત્તિઓએ વેગ પકડ્યો છે અને સમગ્ર યાર્ડ ધમધમી ઊઠ્યું છે. મગફળીની મોટી આવક વચ્ચે ખેડૂતોને કોઈ મુશ્કેલીનો સામનો કરવો ન પડે અને તેમની જણસના વેચાણની કામગીરી સરળતાથી પૂર્ણ થાય તે માટે યાર્ડ દ્વારા વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. ખેડૂતોની મગફળીની સમયસર હરાજી થાય તેમજ તોલમાપ સહિતની કામગીરી સુચારુ રીતે પૂર્ણ થાય તે માટે ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ કામગીરીમાં માર્કેટિંગ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી સહિત બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સેક્રેટરી અને સમગ્ર કર્મચારીગણ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# રાજુલામાં ૨,૦૦૦ દીકરીઓએ રાસ-ગરબાની રમઝટ બોલાવી



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૨૬

રાજુલામાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના આયોજનમાં શિવ સાઉન્ડના સથવારે પ્રથમવાર ૨,૦૦૦ દીકરીઓએ એકસાથે રાસ-ગરબા રમીને ભવ્ય માહોલ સર્જ્યો હતો. કાર્યક્રમમાં પૂજ્ય રમેશભાઈ ઓઝાએ આશીર્વચન પાઠવ્યાં હતાં. ઉનાના નિર્ણાયકોએ વિજેતાઓ જાહેર કર્યા હતા. વિજેતાઓને મોબાઈલ, એસી, ટીવી સહિતનાં આકર્ષક ઈનામો અપાયાં હતાં.

મોટી સંખ્યામાં લોકો ઉમટતાં પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.

# અમરેલી જિલ્લા ભાજપ દ્વારા ૨૧ મંડળોના મીડિયા સેલના ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જની નિમણૂંક જાહેર કરાઈ

અમરેલી,તા.૨૬





અમરેલી જિલ્લા ભાજપ દ્વારા સંગઠનને મજબૂત કરવાના હેતુથી જિલ્લાના તમામ ૨૧ મંડળો માટે મીડિયા સેલના ઈન્ચાર્જ અને સહ ઈન્ચાર્જની નિમણૂક કરવામાં આવી છે.

પ્રદેશ મીડિયા ઈન્ચાર્જ પ્રશાંતભાઈ વાળાના માર્ગદર્શન હેઠળ, જિલ્લા ભાજપ અધ્યક્ષ અતુલભાઈ કાનાણી અને સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણ સાથે વિચાર-વિમર્શ કરીને જિલ્લા મીડિયા ઈન્ચાર્જ વિપુલ ભટ્ટી દ્વારા આ નવી ટીમની સત્તાવાર જાહેરાત કરાઈ છે. આ યાદી અંતર્ગત અમરેલી, ધારી શહેરમાં રિધ્ધેશભાઈ જોષી, ઈન્ચાર્જ અને સહ ઈન્ચાર્જ તરીકે સંજયભાઈ વાળા સહિત સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, બાબરા, બગસરા, લાઠી, ચલાલા, દામનગર, લીલીયા અને ખાંભા સહિતના શહેર તથા તાલુકા મંડળોમાં કાર્યકરોને મીડિયાની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. આ નિમણૂંક બદલ જિલ્લા અધ્યક્ષ, મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરિયા તેમજ જિલ્લાના ધારાસભ્યો અને પક્ષના અગ્રણીઓએ તમામ નવનિયુક્ત હોદ્દેદારોને હાર્દિક અભિનંદન સાથે સફળતાની શુભકામનાઓ પાઠવી છે.

# એટ્રોસિટી અને મારામારીના કેસમાં અમરેલીના મતીરાળાના ઉપસરપંચનો નિર્દોષ છુટકારો

અમરેલી,તા.૨૬



અમરેલીની એડી. સેશન્સ કોર્ટે એટ્રોસિટી અને મારામારીના કેસમાં મતીરાળા ગામના ઉપસરપંચ ગણેશભાઈ હરજીભાઈ વિરમગામાને નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આરોપી તરફે સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયા હતા. બનાવની વિગત મુજબ તા.૧૩-૦૨-૨૦૧૭ના રોજ મતીરાળા ગ્રામ પંચાયતની કચેરીમાં સરપંચ દ્વારા કારોબારીની મીટીંગ બોલાવવામાં આવી હતી. મીટીંગમાં ઉપસરપંચ ગણેશભાઈ હાજર હતા. આ કામના ફરિયાદી આલાભાઈ હીરાભાઈ લુવાર, જેમના પત્ની ધનીબેન ચૂંટાયેલા સભ્ય હતા, તે પણ હાજર હતા.મીટીંગ પુરી થયા બાદ ગટરની ગ્રાન્ટ શા માટે અટકાવો છો, ગટરનું કામ નબળું થયેલ છે તેવી રજૂઆત સરકારમાં કરેલ છે તેમ કહેતા ઉગ્ર બોલાચાલી થઈ હતી. આરોપીએ ફરિયાદીને ગાળો આપી માર માર્યો હોવાનો આક્ષેપ હતો. ફરિયાદીને ગંભીર ઈજા થતા અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી અને હોસ્પિટલમાંથી જ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.પોલીસે ભારતીય ફોજદારી ધારા અને એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ કરી ચાર્જશીટ કર્યું હતું. આ કેસમાં જ્ઞાતિના અને તાલુકાના આગેવાનોએ સમાધાન માટે ખૂબ મહેનત કરવા છતાં સમાધાન થયું ન હતું. કેસ ચાલતા સરકાર પક્ષે ફરિયાદી, સાક્ષીઓ, ડોક્ટર, તાલુકા વિકાસ અધિકારી અને તપાસ અધિકારીની જુબાની લેવાઈ હતી. સમગ્ર કેસ ચાલતા ફરિયાદ પક્ષ કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો હતો. કાયદાની જોગવાઈઓની છણાવટને ધ્યાને લઈ એડી. સેશન્સ જજ એમ.એમ. પરમારે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કર્યો છે.

**સિનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલો બાદ અમરેલી કોર્ટનો ચુકાદો**

# કેન્યામાં બસ અને ટ્રક વચ્ચેની ટક્કરમાં ૨૨ લોકોના થયા મોત, અનેક ઘાયલ

**તમામ ઘાયલોને સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા**

માકુએની,તા.૨૬



આફ્રિકન દેશ કેન્યામાં એક હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો છે. કેન્યાના મુખ્ય હાઈવે પર મુસાફરો ભરેલી એક બસ અને ટ્રક વચ્ચે થયેલી ભીષણ ટક્કરમાં ઓછામાં ઓછા ૨૨ લોકોના કરૂણ મોત નિપજ્યા છે, જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. અકસ્માતનો ભોગ બનેલા તમામ મુસાફરો એક અંતિમ સંસ્કારની વિધિ પતાવીને પરત ફરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી.પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે સવારે રાજધાની નાઈરોબી અને દરિયાકાંઠાના શહેર મોમ્બાસાને જોડતા હાઈવે પર આ અકસ્માત થયો હતો. ઘટનાની જાણ થતાં જ બચાવ કામગીરી હાથ ધરી તમામ ઘાયલોને સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. માકુએની કાઉન્ટી કમિશનર અબ્દુલ્લાહી ખલીફાએ આશંકા વ્યક્ત કરી છે કે ગંભીર રીતે ઘવાયેલા લોકોની સ્થિતિ જોતાં મૃત્યુઆંક હજુ વધી શકે છે.

નોંધનીય છે કે, કેન્યાના રાષ્ટ્રીય પરિવહન અને સલામતી સત્તામંડળે આ હાઈવેના ચોક્કસ ભાગને અગાઉથી જ 'અકસ્માત બ્લેક સ્પોટ' તરીકે જાહેર કરેલો છે. કેન્યામાં અતિશય સ્પીડ અને ખરાબ રસ્તાઓના કારણે અવારનવાર આવા જાનલેવા અકસ્માતો સર્જાતા હોય છે. આ જ હાઈવે પર માત્ર ત્રણ અઠવાડિયા અગાઉ પણ એક અકસ્માતમાં ૧૭ લોકોના મોત થયા હતા. હાલમાં પોલીસે ગુનો નોંધી અકસ્માતના ચોક્કસ કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉચ્ચસ્તરીય બેઠક બાદ રાહતલક્ષી પગલાંની જાહેરાત

# રાજ્યના ચાર જિલ્લામાં દુષ્કાળની સ્થિતિને લઈ ખેડૂતો માટે પ્રતિ હેક્ટર રૂ. ૮,૫૦૦ની સહાય જાહેર

ગાંધીનગર,તા.૨૬

રાજ્યના ચાર જિલ્લામાં ઓછા વરસાદને કારણે ઊભી થયેલી દુષ્કાળ જેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ખેડૂતો અને પશુપાલકોના હિતમાં રાહતલક્ષી નિર્ણય જાહેર કર્યો છે. દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ અને જામનગર જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોમાં પાકના નુકસાન સામે ખેડૂતોને આર્થિક સહાય આપવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુષ્કાળની સ્થિતિ અંગે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠક બાદ રાહતનાં પગલાંની જાહેરાત કરી હતી. આ નિર્ણય મુજબ, પાત્ર ખેડૂતોને વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ. ૮,૫૦૦ની સહાય આપવામાં આવશે.ગુજરાતમાં આશરે આઠ વર્ષ બાદ ફરી દુષ્કાળની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાહતનાં પગલાં જાહેર કરવામાં આવ્યાં છે. અગાઉ વર્ષ ૨૦૧૮માં રાજ્યના ૧૧ જિલ્લાના ૫૧ તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવ્યા હતા. તે સમયે પણ ખેડૂતો અને પશુપાલકોને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર લાવવા માટે વિવિધ સહાય યોજનાઓ અમલમાં મૂકવામાં આવી હતી. હવે વર્ષ ૨૦૨૬માં ઓછા વરસાદને કારણે ખેતી અને પશુપાલન ક્ષેત્રે ઊભી થયેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ચાર જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારો માટે સહાયની જાહેરાત કરી છે.વર્ષ ૨૦૧૮માં રાજ્ય સરકારે ખેડૂતોને વધુમાં વધુ બે હેક્ટર જમીન માટે પ્રતિ હેક્ટર રૂ. ૬,૮૦૦ની સહાય આપવાનું નક્કી કર્યું હતું. તે ઉપરાંત પશુપાલકોને રાહત દરે પ્રતિ કિલો રૂ. ૨ના ભાવે ઘાસચારો ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ કરવામાં આવી હતી. પશુ શિબિરોમાં મોટા પશુ માટે પ્રતિદિન રૂ. ૭૦ અને નાના પશુ માટે રૂ. ૩૫ની સહાય આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. મનરેગા હેઠળ રોજગારીના દિવસો ૧૦૦થી વધારીને ૧૫૦ કરવામાં આવ્યા હતા, જેથી અસરગ્રસ્ત પરિવારોને આવકનો આધાર મળી રહે.બીજી તરફ, ગત વર્ષે રાજ્યમાં અતિવૃષ્ટીને કારણે થયેલા પાકના નુકસાન સામે ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રાજ્ય સરકારે રૂ. ૧૦,૦૦૦ કરોડના કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી હતી. તે પેકેજ હેઠળ પિયત અને બિનપિયત બંને પ્રકારની ખેતી માટે તમામ પાકમાં વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ. ૨૨,૦૦૦ની સહાય નક્કી કરવામાં આવી હતી. તેની સરખામણીએ આ વખતે ઓછા વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતો માટે પ્રતિ હેક્ટર રૂ. ૮,૫૦૦ની સહાય જાહેર કરવામાં આવી છે, જે ગત વર્ષના પેકેજ કરતાં નોંધપાત્ર રીતે ઓછી છે.



ઓછા વરસાદને કારણે ખેડૂતોને વાવેતર, પાકની વૃદ્ધિ અને ઉત્પાદન અંગે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આવી સ્થિતિમાં જાહેર કરાયેલી સહાયથી અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક રાહત મળવાની આશા છે. જોકે, સહાયનો લાભ પાત્ર ખેડૂતો સુધી સમયસર પહોંચે અને પશુપાલકોને પણ જરૂરી રાહત મળે તે માટે યોજનાનો અસરકારક અમલ મહત્ત્વનો રહેશે.

### દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ગ્રામીણ લોકોને ૧૫૦ માનવદિવસની રોજગારી અપાશે

ગુજરાતમાં ઓછા વરસાદને કારણે ઊભી થયેલી દુષ્કાળની સ્થિતિમાં ગ્રામીણ લોકોને રોજગારી મળી રહે તે માટે રાજ્ય સરકારે ૧૫૦ માનવદિવસની રોજગારી આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આ વર્ષે રાજ્યમાં અંદાજે ૮૯ ટકા વરસાદ નોંધાયો છે. દુષ્કાળ નિર્ધારણ માર્ગદર્શિકા મુજબ પ્રક્રિયા હાથ ધરી ખેડૂતો અને પશુપાલકોને રાહત આપવાનો નિર્ણય લેવાયો છે.

### પશુપાલકોને પ્રતિ કિલો રૂ. ૨ ના રાહત દરે ઘાસચારો

રાજયમાં ઓછા વરસાદને કારણે પશુઓ માટે ઘાસચારાની અછત ઊભી ન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રતિ કિલો રૂ. ૨ના રાહત દરે ઘાસચારો આપવામાં આવી રહ્યો છે. અત્યાર સુધીમાં ૧.૨૧ કરોડ કિલોગ્રામ ઘાસચારાનું વિતરણ કરવામાં આવ્યું છે. રાજ્ય સરકાર પાસે હાલ ૩ કરોડ કિલોગ્રામ ઘાસચારો ઉપલબ્ધ છે. જરૂરિયાત વધે તો વધારાનો ઘાસચારો ઉપલબ્ધ કરાવવા માટે પણ આયોજન કરવામાં આવ્યું છે.

### દુષ્કાળગ્રસ્ત તાલુકાઓમાં બે મહિના સુધી પશુઓ માટે સહાય યોજના અમલમાં રહેશે

રાજયમાં ઓછા વરસાદને કારણે દુષ્કાળગ્રસ્ત જાહેર કરાયેલા તાલુકાઓમાં પશુપાલકોને રાહત આપવા રાજ્ય સરકાર દ્વારા આગામી બે મહિના સુધી પશુઓ માટે સહાય યોજના અમલમાં રાખવામાં આવશે. આ સમયગાળા દરમિયાન પશુપાલકોને જરૂરી સહાય પૂરી પાડવામાં આવશે. બે મહિના બાદ પણ જો સહાયની જરૂરિયાત ઊભી થશે, તો સરકાર પરિસ્થિતિની સમીક્ષા કરીને સહાય યોજના આગળ ચાલુ રાખવા અંગે નિર્ણય લેશે.

**દેવભૂમિ દ્વારકા, પોરબંદર, કચ્છ અને જામનગરના અસરગ્રસ્ત ખેડૂતોને બે હેક્ટરની મર્યાદામાં મળશે સહાય**

# ૨૭ વર્ષથી નાસતા-ફરતા આરોપીને રાજુલા પોલીસે ઝડપ્યો

**આરોપી નાગપુરમાં બસ ડ્રાઈવર તરીકે કામ કરતો હોવાનુ માલુમ પડતા પોલીસ મુસાફર બની**

અમરેલી,તા.૨૬

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના મુજબ, ડી.વાય.એસ.પી. નયના ગોરડીયાના માર્ગદર્શન અને પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ રાજુલા પોલીસની સર્વેલન્સ ટીમે ૨૭ વર્ષથી નાસતા ફરતા આરોપીને મહારાષ્ટ્રના નાગપુરથી ઝડપી પાડ્યો હતો.વર્ષ ૧૯૯૯માં રાજુલા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીનો ગુનો દાખલ થયો હતો. ટ્રક ડ્રાઈવર અબ્દુલ સત્તાર મોહમદ હબીબ કુરેશી (ઉ.વ.૫૪, રહે. ઘરોરા, તા. લક્ષ્મણપુર, જિ. પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ) ૩૦ ટન સિમેન્ટ બારોબાર વેચી ટ્રક મૂકીને નાસી ગયો હતો. પોલીસે જૂના કાગળોનો અભ્યાસ કરી, મતદાર યાદી, ટેકનિકલ વિશ્લેષણ અને મોબાઈલ નંબરના આધારે તેની ઓળખ નક્કી કરી હતી. આરોપી નાગપુરમાં બસ ડ્રાઈવર તરીકે કામ કરતો હોવાથી પોલીસે પેસેન્જર બનીને પૂછપરછ કરી હતી. આરોપીએ ગુનાની કબૂલાત કરતા તેને રાજુલા લાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. અન્ય ગુનાઓ અંગે વધુ તપાસ ચાલુ છે.



# રાજકોટમાં વ્યાજખોરોના ત્રાસથી દંપતીના આપઘાતથી ચકચાર

રાજકોટ,તા.૨૬

રાજકોટના ગોંડલ હાઈવે નજીક કલ્પવન વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષીય રમેશ ચાવડા અને તેમનાં પત્ની ભારતી ચાવડાએ લસણના કારખાનામાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. આ ઘટનાને પગલે તેમનો ૧૫ વર્ષનો દીકરો માતા-પિતા વિહોણો બન્યો છે.



પરિવારના જણાવ્યા મુજબ, દંપતીએ વ્યવસાય માટે રૂ. ૮ લાખ વ્યાજે લીધા હતા. જેની સામે ત્રણ મહિનામાં રૂ. ૨૧ લાખ ચૂકવી દીધા હોવા છતાં વધુ નાણાં અને દૈનિક ભારે વ્યાજ વસૂલવા અસહ્ય દબાણ કરાતું હતું. ભક્તિનગર પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, જિલ્લામાં વધતા આપઘાતના કિસ્સા અટકાવવા પોલીસ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવન દ્વારા વિશેષ કાઉન્સેલિંગ અભિયાન ચલાવાઈ રહ્યું છે. એનસીઆરબીના આંકડા આર્થિક તણાવ અને વ્યાજખોરી સામે કડક કાર્યવાહી સાથે સમયસર માનસિક સહાય પહોંચાડવાની ગંભીર જરૂરિયાત દર્શાવે છે.

## વાડી વિસ્તારમાં વન્યપ્રાણીના આટાફેરાથી ખેડૂતોમાં ભયનો માહોલ

# ખાંભાના મોટા સરાકડીયા ગામે વાડીમાં સૂતેલા ખેડૂત પર દીપડાનો હુમલો

**માથામાં ગંભીર ઈજા થતા પરિવારજનોએ સારવાર માટે હોસ્પિટલ ખસેડયા**

અમરેલી,તા.૨૬

ખાંભા તાલુકાના મોટા સરાકડીયા ગામે વાડીમાં સૂતેલા ખેડૂત પર દીપડાએ હુમલો કરતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હોવાની ઘટના સામે આવી છે. મોડી રાત્રે અચાનક



થયેલા હુમલામાં ખેડૂતના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાને પગલે ગ્રામ્ય વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો છે.મળતી વિગતો મુજબ, મોટા સરાકડીયા ગામના ખેડૂત બાલાભાઈ ભુવા રાત્રિના સમયે પોતાની વાડીમાં સૂતા હતા. દરમિયાન મોડી રાત્રે આશરે અઢી વાગ્યાના સુમારે વનવિસ્તારમાંથી આવી ચડેલા દીપડાએ તેમના પર અચાનક હુમલો કર્યો હતો. દીપડાએ માથાના ભાગે પંજો મારતાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. હુમલા બાદ ખેડૂત જાગી જતાં અને સામનો કરવાનો પ્રયાસ કરતાં દીપડો નજીકના કપાસના પાકમાં સંતાઈ ગયો હતો.વાડીમાં ફોન કે સંપર્કનું અન્ય કોઈ સાધન ન હોવાથી બાલાભાઈ તાત્કાલિક મદદ મેળવી શક્યા નહોતા. ગંભીર ઈજા હોવા છતાં તેમણે આખી રાત વાડીમાં વિતાવી હતી. ત્યારબાદ સવારે આશરે ૭ વાગ્યે તેઓ જાતે ચાલીને ઘરે પહોંચ્યા હતા. ખેડૂતને લોહીલુહાણ હાલતમાં જોઈ પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ની મદદથી તેમને ખાંભા સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જોકે, માથાની ઈજા ગંભીર હોવાથી પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે અમરેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આમ વાડીમાં દીપડાનાં આટાફેરાથી ખેડૂતોમાં ભયનો માહોલ છવાયો છે.

### વનવિભાગે દીપડાને પકડવા પાંજરા ગોઠવ્યા

ઘટનાની જાણ થતાં ખાંભા વનવિભાગનો સ્ટાફ હોસ્પિટલ પહોંચ્યો હતો. હુમલાખોર દીપડાને શોધવા વિસ્તારમાં તપાસ અને રાત્રિ દરમિયાન પેટ્રોલિંગ શરૂ કરવામાં આવ્યું છે. દીપડાને વહેલી તકે પકડી પાડવા માટે ઘટનાસ્થળની આસપાસ પાંજરાં ગોઠવવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે.

# ઉનાના નાંદણ ગામની સીમમાં બાળક પર દીપડાનો હુમલો

ઉના,તા.૨૬

ઉના તાલુકાના નાંદણ ગામની સીમમાં દીપડાના હુમલાની ઘટના સામે આવી છે. વાડી વિસ્તારમાં પરિવાર સાથે રમી રહેલા નવ વર્ષના બાળકને દીપડો ઉઠાવી જતાં ચકચાર મચી ગઈ હતી. જોકે, પરિવારજનોએ સમયસૂચકતા વાપરી દીપડાનો પીછો કરતાં તે બાળકને ઘાયલ હાલતમાં મૂકીને નાસી છૂટ્યો હતો. મળતી માહિતી મુજબ, નાંદણ ગામની સીમમાં આવેલી સાદુળભાઈ બાબુભાઈ મેવાડાની વાડીએ સાંજના સમયે તેમનો નવ વર્ષનો પુત્ર ક્રિશ પરિવાર સાથે રમી રહ્યો હતો. દરમિયાન ક્રિશ રમતાં-રમતાં થોડે દૂર જતાં અચાનક ધસી આવેલા દીપડાએ તેને પકડી લીધો હતો અને ઉઠાવી ગયો હતો. પરિવારજનોએ પીછો કરતાં બાળકનો બચાવ થયો હતો.

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

શતમ જીવમ શરદ:
જન્મદિવસની હાર્દિક શુભેચ્છા
શ્રી કરમશીભાઈ ભૂવા કર્મનિષ્ઠ શિક્ષક અને સમાજ સેવક, ગોઢાવદર શૈક્ષણિક વિકાસ સમિતિ સ્થાપક અને સંચાલક, ગોઢાવદર શ્રેષ્ઠ શાળાના શિલ્પી 2002, ગોઢાવદર ગામ પરિવાર - સુરત સંગઠનના પ્રેરક, અખીલ ભારતીય સેવાદળ સુરતના કાઉન્સલર, લીલીયા તાલુકા પેન્શનર સમાજના કારોબારી ચેરમેન, ગોઢાવદર ગામ વિકાસ કાર્યમાં તન-મન-ધનથી સહભાગીને તા.૨૭/૧૦/૨૦૨૬ ના રોજ ૮૩ માં જન્મદિને શુભેચ્છા સાથે અભિનંદન......



શ્રી કરમશીભાઈ રામજીભાઈ ભૂવા
પૂર્વ મુખ્ય શિક્ષક - ગોઢાવદર પ્રાથમિક શાળા
લી.
હીરાબેન લાલપરી ગોસાઈ
સરપંચશ્રી, ગ્રામ પંચાયત કચેરી ગોઢાવદર
ગોકળભાઈ રણછોડભાઈ હીરપરા
ટ્રસ્ટી, લીલીયા તાલુકા લેઉવા પટેલ કેળવણી મંડળ
કાળુભાઈ ભુરાભાઈ ગજેરા
પ્રમુખ, વી.વી.કા સહકારી મંડળી ગોઢાવદર
સુરેશભાઈ પ્રેમજીભાઈ ગજેરા
પ્રમુખ, સેવા સહકારી મંડળી ગોઢાવદર
ગૌરીબેન વિજયભાઈ ગજેરા
સભ્યશ્રી, તાલુકા પંચાયત લીલીયા
વિજયભાઈ કનુભાઈ ગજેરા
પ્રમુખ, ગ્રામ વિકાસ ટ્રસ્ટ ગોઢાવદર
વિપુલભાઈ બાલુભાઈ ભૂવા
પ્રમુખ, ભૂવા પરિવાર સુરત
ધીરુભાઈ કથીરિયા
સીનીયર સિટીઝન ગ્રુપ આર.પી.એસ. સુરત
ભરતભાઈ વી.વિંઝુડા
પ્રેસ પ્રિતિનિધિ
વિપુલદાદા
પ્રમુખ, શાળા કેળવણી મંડળ ગોઢાવદર

સમગ્ર સૌરાષ્ટ્રમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ



ટાઈગર બોરવેલના વધારે વિડિયો જોવા માટે YouTube ચેનલમાં TIGER BORWELL સબસ્કાઈબ કરો
ફુવાના આડા બોર
૩ ઈંચ થી ૪॥। - 400 ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર TIGER BORWELL બોરવેલ
પિયુષભાઈ પટેલ મો. ૯૮૨૫૨ ૧૨૬૭૪
કનુભાઈ સાંખટ મો. ૭૬૨૨૯ ૮૨૭૨૨